# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

'માર્ચ ૨૦૦૫'

**સંઘર્ષના રસ્તે વિજય મળે છે પણ સારી વ્યક્તિનું હૃદય નથી મળતું.**

**આક્રમણને રસ્તે પદાર્થ મળે છે પણ પ્રસન્નતા નથી મળતી.**

**તર્કને રસ્તે અહં પુષ્ટ થાય છે પણ મનને શાંતિનો અનુભવ થતો નથી.**

**જલદભાષા પ્રયોગ સામી વ્યક્તિને બોલતી બંધ કરી દે છે પણ,**
**આપણા હૃદયને આનંદની ભેટ નથી આપી શકતો**

**સંપત્તિની વિપુલતા સગવડોની હારમાળા સર્જી દે છે પણ,**
**સ્વસ્થતાની બાંયધારી નથી આપતી.**

**સામગ્રીની વણઝાર આજુબાજુવાળા વચ્ચે વટ પાડી દે છે પણ,**
**અંતરના ખાલીપાને પૂરી દેવાની ક્ષમતા નથી ધરાવતી.**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
# બાલાસિનોરની વિવિધ સંસ્થાઓને
# લગ્ન પ્રસંગે મળેલ દાન વચનોની યાદી

| નંબર | નામ | રકમ |
|---|---|---|
| ૧. | શ્રી કાર્તિક રસીકલાલ કડકીયાની સુપુત્રી પુર્વીના લગ્ન પ્રસંગે | ૧,૦૦,૦૦૦.૦૦ |
| ૨. | શ્રી કીર્તીકુમાર મણીલાલ પરીખ (લાકડાવાલા)ની સુપુત્રી ક્રીનીના લગ્ન પ્રસંગે | ૧,૦૦,૦૦૦.૦૦ |
| ૩. | શ્રી ગીરીશ કોદરલાલ કાપડીયાની સુપુત્રી ડોનાના લગ્ન પ્રસંગે | ૧,૦૦,૦૦૦.૦૦ |
| ૪. | શ્રી અક્ષય નવનીતલાલ પરીખ (બખલી)ની સુપુત્રી શીમોનીના લગ્ન પ્રસંગે | ૩૧,૦૦૦.૦૦ |
| ૫. | શ્રી યોગેશકુમાર ઓચ્છવલાલ કડકીયાના સુપુત્ર જીગરના લગ્ન પ્રસંગે | ૩૧,૦૦૦.૦૦ |
| ૬. | શ્રી ગજેન્દ્ર કીટીરકુમાર કડકીયા (ફાડીયા)ના સુપુત્ર ચિ. ધવલના લગ્ન પ્રસંગે | ૨૫,૦૦૦.૦૦ |
| ૭. | શ્રી નવનીતલાલ સાંકરલાલ દેસાઈ (રોઝવાવાળા)ની સુપુત્ર અને સુપુત્રીના લગ્ન પ્રસંગે | ૧૧,૦૦૧.૦૦ |
| ૮. | શ્રી નીતીનકુમાર કીર્તનલાલ મોદી (બોઝવાળા)ની સુપુત્રી કરીશ્માના લગ્ન પ્રસંગે | ૧૧,૦૦૦.૦૦ |
| ૯. | શ્રીમતી નયનાબેન રાજેન્દ્ર ગાંધી (મેનપુરાવાળા)ના સુપુત્રના લગ્ન પ્રસંગે | ૧૧,૦૦૦.૦૦ |
| ૧૦. | શ્રીમતી વર્ષા હેમંત દેસાઈ (દેડકી)ની સુપુત્રી ઉર્વીના લગ્ન પ્રસંગે | ૧૧,૦૦૦.૦૦ |
| ૧૧. | શ્રી હરેન્દ્ર નટવરલાલ દેસાઈ (દેડકી)ના સુપુત્રના લગ્ન પ્રસંગે | ૫,૦૦૦.૦૦ |
| ૧૨. | શ્રી પરેશ ચીમનલાલ શાહ (નગરશેઠ)ની સુપુત્રી હેતલના લગ્ન પ્રસંગે | ૨,૫૦૧.૦૦ |
| ૧૩. | શ્રી પરેશ પ્રવિણચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા)ના સુપુત્ર હેમલના લગ્ન પ્રસંગે | ૨,૫૦૧.૦૦ |

*કન્વીનર ભંડોળ સમિતિ - રાજેન્દ્ર દેસાઈ*

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૭ | ૧૨ | ૧૪-૩-૨૦૦૫ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

☯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

☯

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**




# છોટીસી યે દુનિયા.....



# તુમ કભી તો મીલોગે, તો પુછેંગે હાલ

*આજે જાણી જોઈને તંત્રીસ્થાનેથી નથી લખ્યું કારણ કે આજે સ્થાન છોડીને આપણા સૌના દિલના કોક ખૂણામાં છુપાયેલી કેટલીક પ્રેમ કહાણીની વાત કરવી છે જે કદી શરૂ જ ન થઈ શકી.*

*હમણાં છાપામાં એક કિસ્સો વાંચવામાં આવ્યો. અમેરિકામાં ડેવીડ નામનો એક માણસ ૭૮ વર્ષની વયે સુખી લગ્નજીવન બાદ વિધુર થયો. આટલાં લાંબા વર્ષો પછી, આ ઉંમરે એકલવાયું જીવવાનુ ખરેખર કઠીન કાર્ય હોય છે. એક દિવસ બેઠા બેઠા ડેવીડને સ્કુલમાં સાથે ભણતી જુડી યાદ આવી ગઈ. ત્યારે ડેવીડને જુડી ખૂબ ગમતી અને મનમાં ને મનમાં એને લાગતું કે જુડીને પણ એના પ્રત્યે પ્રેમ હતો. પણ ત્યારે કદાચ મનની વાત હોઠો પર નહીં આવી હોય. ડેવીડે જુડીને શોધવાના પ્રયત્નો શરૂ કર્યા. કેટલીયે મહેનત પછી અંતે જુડીનો પત્તો એણે મેળવ્યો. જુડી પણ લગભગ ૧૦ વર્ષ પહેલાં વિધવા થઈ હતી. આટલા વર્ષે મળ્યાનો બંન્નેને ખૂબ આનંદ હતો. બંન્નેએ ખૂબ ખૂબ વાતો દ્વારા વહી ગયેલા વર્ષોને ટૂંકાવ્યા અને ડેવીડે અંતે પોતાના દીલની વાત કહી દીધી ''જૂડી તુ મારી સાથે લગ્ન કરીશ ?'' અને જુડી એ હા પાડતાં જ બંન્ને જણ પરણી ગયા. કોક ટીન એજરની ભાષામાં How Sweet, How Romantic....*

*હિંદી પીકચરોમાં તો છાશવારે દેખાડે છે કે નાનપણમાં સાથે રમતાં, હસતાં ગમતાં છોકરોને છોકરી છુટા પડી જાય અને મોટા થઈને*

સંજોગોવશાત પાછા ભેગા મળે. ઝાડની આગળ પાછળ થોડા ગીતો ગાય અને ત્રણ કલાકના અંતે વિલનનો પીછો છોડાવીને પરણી જાય. પણ ૭૮ વર્ષની ઉંમરે નાનપણનો પ્રેમ યાદ આવે, એ પ્રેમ વ્યક્ત થાય, અને વળી એનો સ્વીકાર થાય એવું તો કદાચ જુજ બને.

આ કિસ્સો વાંચીને વિચાર આવ્યો કે આપણા સૌના મનમાં પણ અતીતમાં ઉમટેલાં પ્રેમના કેટલાંયે પાત્રોની સુખદ યાદો એક ખૂણામાં ઢબુરાયેલી હોય છે.

નાનપણમાં સાથે રમતાં છોકરા છોકરીઓમાંથી આપણને અમુક છોકરા કે છોકરી ગમતી હોય છે. એનું ઉપરાણું લઈને બીજા સાથે ઝગડવું, એની સાથે ઘરઘર રમવું, એને હંમેશા ખુશ જોવું, આપણી ગમતી ને ભાવતી વસ્તુઓ પણ એને આપી દેવી એવું આપણને ગમતું હોય છે. આ પ્રેમ કે આકર્ષણ કહેવાય એ સમજવાની ક્યાં ઉંમર હોય છે. પરંતુ આજે પણ કોકવાર સ્મૃતિપટ ઉપર એ નાનકડી છોકરી કે નાનકડો છોકરો ઝબકીને ગાલે ચુંબન આપી જતા હોય છે.

સ્કુલમાં કોએડમાં ભણતાં છોકરા છોકરીઓની જોડી બનાવી ચીડવવામાં આવતાં હોય છે. ત્યારે પણ આપણી જોડી અમુક ગમતી વ્યક્તિ સાથે જોડાય એ વધુ ગમતું હોય છે અને બીજી કોઈ વ્યક્તિ સાથે જોડાય તો ગુસ્સો આવતો હોય છે. રોજ કહેવાતી મનગમતી જોડી મનમાં બરાબર બેસી જાય છે પણ શરમ અને ક્ષોભના લીધે વાત કરવાનું પણ ટાળવું પડે છે અને આને પ્રેમ કહેવાય તો પણ સામી વ્યક્તિ સમક્ષ વ્યક્ત કરવાનું શક્ય હોતું નથી. આમ પણ સ્કુલની જોડી બહુ જુજ કિસ્સાઓમાં પ્રેમલગ્નમાં પરિણમે છે કારણ કે બહુ લાંબો સમય પ્રેમનું ટકવું, આઠ દસ વર્ષના લાંબા ગાળા સુધી એકબીજાના સંપર્કમાં રહેવું, ગ્રેજ્યુએટ થવું, પગભર થવું, મા-બાપને મનાવવા આ બધી શક્યતાઓ ઓછી રહે છે. પાછું છોકરો પગભર થાય ત્યાં સુધીમાં તો છોકરીના લગ્ન પણ થઈ જાય અને મનની મનમાં રહી જાય.

કૉલેજમાં તો વાત જ ના પુછો. કોઈપણ સરસ છોકરો કે છોકરી આપણી સાથે હસીને વાત કરે કે પછી આપણાં ગ્રુપમાં આવી જાયતો મનમાં ખુશીના ફુવારા ઉડવા લાગે, દરેક સારો દેખાતો સ્માર્ટ છોકરો કે સારી દેખાતી ફેશનેબલ છોકરી આપણને ગમવા લાગે. પણ આ બધા ઉપરથી ધ્યાન ફક્ત એકાદ છોકરા કે છોકરીમાં પરોવાય. એને જોઈને લાગે જાણે વર્ષોથી આળખીએ છીએ, ‘‘કહીંના કહી કોઈ હોય’’ તો તે આજ હશે. બસ તું હી તું..... મેરી આરજું. પણ આ પ્રેમનો એકરાર કરવો પણ ક્યારેક શક્ય નથી હોતો. બંન્નેના સામાજીક દરજ્જામાં ફેર હોય, છોકરી કારમાં અને છોકરો જુતા ઘસતાં આવતો હોય, કારકીર્દી બનાવવાની ફીકર હોય, ન્યાત જાતના બંધનો નડતાં હોય અને ખાસ તો પ્રેમનો એકરાર કરવાથી સામો પ્રત્યાઘાત ન મળે તો મૈત્રી પણ ગુમાવવાનો ડર આપણને રોકે છે અને દિલની વાત દીલમાં જ રહી જાય છે. સારી કારકીર્દી બનાવી, ઉંચા પગારની નોકરી મેળવી ફરીથી કૉલેજના પ્રેમનો તંતુ જોડવા જઈએ તો ખબર પડે ‘એ’ તો પરણીને એકાદ છોકરાની મા પણ બની ગઈ હોય. ત્યારે ‘અનશેકેબલ’ બજાજ સ્કુટરના સવારની જેમ હસીને મનને પાછું વાળવું પડે અને શરૂ થાય તલાશ યોગ્ય જીવન સાથીની. મિત્રના

ભાઈ બહેનોમાં, ભાભીના ભાઈમાં કે મોટાભાઈની સાળીમાં, બેનના દીયરમાં કે બેનની નણંદમાં જીવનસાથી જોવાનો પ્રયત્ન શરૂ થાય. ન્યાતના ફંકશનોમાં કે લગ્નોમાં, નોકરી ઉપરના સાથે કામ કરતાં કોક છોકરા કે છોકરીમાં આપણું મન જોડી બનાવવા લાગી જાય. ત્યાં પણ કોકવાર સંબંધો તુટવાના ડરથી કે સામાજીક દરજ્જાના ભયથી કે પછી ના સાંભળવાના ડરથી પ્રેમનો એકરાર થતો નથી.

આમ એક દિવસ એક અજાણી વ્યક્તિ સાથે આપણા લગ્ન જીવનની શરૂઆત થઈ જાય. નવી વ્યક્તિ સાથે એડજસ્ટ થવામાં, ઘરના કામકાજમાં કે ઓફિસમાં અને બાળકોમાં દિવસો ક્યાં જતાં રહે એની ખબર ન પડે. પણ ક્યારેક ક્યારેક અચાનક મનના કોઈ ખૂણેથી એકાદ વ્યક્તિ સ્મૃતિપટ ઉપર ઉભરી આવે અને ફરીથી મનમાં કંઈક થઈ આવે, જો એ વ્યક્તિને ના મળી શકાતું હોય તો, એ ક્યાં હશે ? શું કરતી હશે ? શું યોગ્ય જીવન સાથી મળ્યો હશે ? મારા કરતાં સારો હશે ? બાળકો કેવા હશે ? જીવનમાં કયા મુકામે પહોંચ્યો હશે ? હવે કેવી લાગતી હશે ? માથા ઉપર વાળ હશે ? આવા તો કેટલાંયે પ્રશ્નો કોકવાર એકલાં બેઠા હોઈએ ત્યારે મનમાં ઉઠે. એના વિશે જાણવાની અને આપણી વાતો જણાવવાની ઈચ્છા થઈ જાય. વર્ષો પહેલાં એક નાટક જોયું હતું, ''મોસમ છલકે'' જેમાં બે પ્રેમી, પોતાના લગ્ન જીવનથી ખૂબ જ સુખી એવા બે પ્રેમી એકવાર મળે છે અને પોતાની કેટલીયે વાતો એકબીજાને કરે છે. પછી નક્કી થાય છે દર પાંચ વર્ષે એકવાર અચુક મળવાનું જીવનના વિવિધ તબક્કે, જીવનમાં શું બન્યું એ પોતાના પ્રેમી પાત્રને જણાવવાની વાતો કરવાની ઉત્કંઠા ફક્ત. એ પ્રેમમાં વાસના ન હતી કે નહોતી આજની ટીવી સીરીયલોમાં બતાવે છે એવું, બીજાના કે પોતાના લગ્ન જીવનને છિન્નભિન્ન કરીને બંધાતા લગ્ન બહારના સંબંધોની વાત.

ફરી આપણા મનની વાતો ઉપર આવીએ, સૌના મનના એક ખૂણામાં ઢબુરાયેલા નિર્મળ પ્રેમની વાત છે. જેને એકાંતમાં વાગોળવો ગમે છે. એ વ્યક્તિને યાદ કરવી ગમે છે. ક્યારેક પ્રેમનો એકરાર કરીને આપણી દીલની વાત એના સુધી પહોંચાડવાનું મન થઈ જાય છે. એવી આશામાં કે કદાચ વીપીન પરીખની આ કવિતાની જેમ હકારાત્મક પ્રતિસાદ મળી જાય.

**આજે રસ્તામાં અચાનક રીટા મળી ગઈ**
**મોં પરનું હાસ્ય હજી એવું જ સુંદર હતું**
**મારાથી બોલાઈ ગયું,**
**હજી તું એવી જ સુંદર લાગે છે**
**સ્કુલમાં મને ગમતી હતી એવી જ**
**હસીને એ પણ બોલી ઉઠી**
**'પહેલાં કહેવું હતું ને'**
**તું પણ મને ગમતો તો....**

આ વાંચીને કોઈપણ ઉંમરની વ્યક્તિ હશે મનમાં કોક છબી જરૂરથી ઉભરી આવી હશે. ૭૫ વર્ષનાને મંછા, મણી, ઓચ્છવ કે કાંતિ, ૬૦ વર્ષનાને લતા, સરલા, પ્રવીણ કે રસીક, ૭૦ વર્ષના ને રીટા, નીતા પરેશ કે રાજેશ અને ૩૦ વર્ષનાને પુજા, રીતુ, નીતુ, નીલ કે જીમી કંઈ વાંધો નહિ મનની એ છબી નિહાળીને ખુશ થજો. બાકી તો છોટીસી યે દુનિયા, તુમ કહીં તો મીલોંગે કભી તો મીલોગે, તો પુછેંગે હાલ......

**- નિખિલ પરીખ ( ડીસેમ્બર ૨૦૦૨)**

# બબલીને અમેરીકા જવુ છે

(ક્રમાંક-૮)

◻ *જયંતિ કડકીઆ*

**જે છોકરાઓ મા-બાપાની સેવા કરે છે**
**તેના પર ઈશ્વરની કૃપા થાય છે.**

બબલીની બહેપણીને ભારત આવ્યાનો એક મહીનો થઈ ગયો હતો અને તેની સાસુની તબિયત પણ સારી થઈ ગઈ હતી. તેથી તેની સાસુએ કહ્યું તારે અમેરીકાથી આવ્યાને એક મહીનો થઈ ગયો છે ત્યાં છોકરાઓ પણ તારા વગર બેચન હશે અને મારી તબિયત સારી છે તો તું અમેરીકા જવાની તૈયારી કર. તું અહી આવી અમારું આટલું ધ્યાન રાખ્યું તેની મને બહુ જ ખુશી થઈ.

બબલીની બહેનપણી અમેરીકા જવાની તૈયારી કરતી હતી. ત્યારે બબલી તેને મળવા આવી. બબલી બહુજ ખુશ હતી. ત્યારે તેની બહેનપણીએ પૂછયું, તું આજે બહુ ખુશ છે. ત્યારે બબલીએ કહ્યું તું અમેરીકા જાય છે તેનો મને ગમ છે પરંતુ તે અમેરીકા આવવાનું મને પ્રોત્સાહન આપ્યું તેથી હું બહુ ખુશ છું. બબલો આજ સુધી મને મુંબઈ બહાર ફરવા લઈ જતો ન હતો. પણ મે અમેરીકા જઈ સ્થાઈ થવા માટે કહ્યું એટલે એ નરમ પડયો અને હવે તારા અમેરીકા ગયા પછી અમે પહેલી વખત મુંબઈ બહાર ગંગાસાગર કલકત્તા, જગન્નાથપુરી, ચંપારણ્ય જઈશું. આ બધુ તારા પ્રતાપે જ બન્યું છે. જો તે મને અમેરીકા આવી સ્થાઈ થવાનું કહ્યું ન હતો અને મે બબલાને આ વાત કરી જીદ કરી ન હોત તો એ મને ક્યારે ફરવા લઈ ગયો ન હોત. આ તારી મહેરબાનીનું ફળ છે.

બબલી તેની બહેનપણીને મળી ઘરે આવી ત્યારે બબલાએ કહ્યું કે આપણે બહારગામ જવાનો વિચાર કરીએ છીએ પરંતુ બાળકોનું શું ? તું તારા મા-બાપને પુછી જોજે પંદર દિવસ આપણે બહારગામ જઈએ છીએ તો તે રાખશે બબલીના મા-બાપ બબલાના ઘરની નજીક રહેતા હતા. તેથી છોકરાઓ તેઓ રાખતા હોય તો છોકરાને સારુ પડે અને આપણને પણ ચિંતા નહી. બબલીએ કહ્યું કાલે હું મારા મા-બાપની ઘરે જઈશ. હું તેમને આપણે ફરવા જવાની વાત કરીશ અને છોકરાઓને તેમની ઘરે રહેવા માટે પણ જણાવીશ.

બબલીએ બીજે દિવસે તેના મા-બાપને મળવા ગઈ. અમે પંદર દિવસ માટે ફરવા જઈએ છે તો છોકરાઓને તમને રાખશો. આપણું ઘર મારા ઘરથી નજીક છે અને છોકરાઓને પણ કંઈ જોયતું કરતું હોય તો લાવવા અથવા લઈ જવા સારુ પડે એમ જણાવ્યું. તેના મા-બાપ તો વિચાર કરતા થઈ ગયા. બબલી ખરેખર તમે ફરવા જાવ છો. પંદર વર્ષ લગ્ન કરે ત્યારે તમે ક્યાંએ ફરવા ગયા નથી. આ વખતે એકાએક ફરવા જવાનું વિચાર્યું છે તેથી આનંદ થયો. છોકરાઓને અમે જરૂર રાખીશુ પણ બબલો તૈયાર થયો એ જાણી આશ્ચર્ય થાય છે ? બબલીએ તેના મા-બાપને આખી વાત જણાવી અને કહ્યું કે હવે બબલાની નબળી કડી મને મળી ગઈ છે. હું જાણું છું કે બબલાને અહીં સારી નોકરી છે અને ઉંચી જગ્યા પર છે. તેથી તે અમેરીકા સ્થિત થવાનો નથી પરંતુ તે હવે મને અમેરીકા સ્થાઈ થવાનું કહ્યું તેથી થોડો નરમ પડયો છે અને દર વર્ષે ભારતમાં આપણે જુદી જુદી જગ્યાએ ફરવા જઈશું એમ કહ્યું છે. આપણે અમેરીકા જવાનો વિચાર કરીએ છીએ પણ

આપણો દેશ જોવા જેવો છે તે જોયો નથી. પરદેશથી લોકો ભારત જોવા આવે છે. ત્યારે આપણે ભારત જોયા વગર પરદેશ જોવા જઈએ છીએ.

બબલાએ તેના સાસુ-સસરા છોકરા રાખવા તૈયાર છે એમ બબલીએ કહ્યું એટલે ફરવા જવા માટે રૂપીયા ભરી દીધા.

આપણા દેશમાં ટુર એન્ડ ટ્રાવેલ્સનો ધંધો છેલ્લા પચાસ વર્ષથી ચાલે છે. જેમ જેમ માણસો સુખી થયા તેમ તેમ તેમને ફરવાનો શોખ લાગ્યો. ટુર એટલે સમૂહમાં ફરવા જવું. ટુર ચાર પ્રકારની હોય છે. એક ધંધાવાળી હોય છે, બીજી સંસ્થાઓ નહિ નફો કે નહિ નુકશાન પેટે ચલાવે છે. ત્રીજી સેવાભાવી માણસો આવી ટુર કરકસરવાળી મળી પોતાનો ખર્ચ મફત પડે તે રીતે ઉપાડતા હોય છે. સંસ્થાઓ ટુર એજન્ટો મારફતે ઉપાડતા હોય છે પણ સંસ્થાના કાર્યકર્તા ટુર કસીને ટુરવાળા પાસે ખર્ચ નક્કી કરે છે. ખાસ કરીને આવી ટુરમાં માણસો વધારે જાય છે કારણ કે આવી ટુરમાં ઘણાખરા ઓળખીતા તથા સગા-સંબધી હોવાથી થોડી મનમાં રાહત અથવા શાંતિ અનુભવે છે. જો રસ્તામાં કાંઈ થશે તો આ બધા મદદમાં રહેશે.

આજથી પચીસો વર્ષ પહેલાં ભગવાન શ્રી ગૌતમ બુધ્ધ તથા ભગવાન શ્રી મહાવીર સ્વામીએ ધર્મના પ્રચાર માટે પગપાળા મુસાફરી ભારતમાં કરી હતી. ભગવાન શ્રી મહાવીર સ્વામીના જૈન ધર્મનો પ્રભાવ ભારતમાં પડયો જ્યારે ભગવાન શ્રી ગૌતમ બુધ્ધનો ધર્મનો પ્રભાવ ભારત ઉપરાંત એશીયાઈ દેશમાં પડયો. એશીયાઈ દેશમાં ભગવાન બુધ્ધનો પ્રભાવ તેમના અનુયાયીઓએ બહુજ ફેલાવ્યો ત્યારબાદ જગત ગુરુ શંકરાચાર્યજીએ હિદું ધર્મનો પ્રચાર પગપાળા મુસાફરી કરી ફેલાવ્યો. તેઓશ્રી દક્ષીણ ભારતથી ઉત્તર ભારત સુધી ધર્મના પ્રચાર માટે ફર્યા હતા અને કેદારનાથમાં નાની ઉંમરે તેમનું મૃત્યુ થયુ હતું.

ત્યારબાદ સાધુ, સંતો, ફકીરો ધર્મના પ્રચાર માટે અને જાત્રાના હેતુથી એક ગામથી બીજા ગામ પગપાળા મુસાફરી કરતા હતા. ત્યારબાદ શ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્યએ કૃષ્ણ ભક્ત માટે ભારતમાં ત્રણ વખત પગપાળા મુસાફરી કરી હતી અને ભગવાન શ્રીકૃષ્ણનો મહીમા વધાર્યો હતો. તે પછી લોકો ઘોડાપર બેસી મુસાફરી કરતા હતા અને છેલ્લે બળદગાડામાં બેસી જાત્રાએ જતા હતા. તે વખતે આના જેવા આધુનિક સાધન ફરવા માટે નહતા. હાલમાં બસો, ટ્રેઈન તથા વિમાન, સ્ટિમર જેવા સાધનો થવાથી મુસાફરી સરળ બની છે. તેથી માણસો વધારેને વધારે મુસાફરી કરતા થઈ ગયા છે.

આજથી સો વર્ષ પહેલાં આપણી આર્થિક સ્થિતિ સારી ન હતી પરંતુ આપણા પુરૂષાર્થ, હિંમત, હોંશીયારીથી આપણી આર્થીક સ્થિતી સુધરી તેથી આપણને દેશ-પરદેશ જોવાની ઈચ્છાઓ થઈ. આજે છોકરાઓ પોતાના મા-બાપને સંસ્થાની ટુરમાં ફરવા માટે મોકલે છે કારણ કે તે જાણે છે કે આપણા મા-બાપની મહેનત થકી આજે આપણે સારી સ્થિતિમાં છીએ તો આપણી ફરજ છે કે તેમને હવે હરવા ફરવા મોકલવા જોઈએ. જે છોકરાઓ મા-બાપની સેવા કરે છે તેના પર ઈશ્વરની કૃપા થાય છે.

બબલીએ કહ્યું સારા છોકરાંઓ કોણ કહેવાય?

બબલાએ કહ્યું જે છોકરા તથા છોકરીઓ મા-બાપને દુ:ખમાં સેવા કરે છે તે છોકરાંઓ સારા કહેવાય. હું તને બે ત્રણ દાખલા આપી સમજાવીશ. બબલાએ કહ્યું, એક ભાઈ વિધુર હતા અને ટુંક સમયમાં તેમના સાસુનું અવસાન થયુ ત્યારે તેમના સસરાને જીવ્યા ત્યાં

સુધી પોતાની સાથે રાખ્યા અને સસરાને જરાપણ દુઃખ લાગવા દીધુ નહિ.

બબલાએ આગળ કહ્યું એક ભાઈ સુખી હતા. તેમના માતુશ્રી વિધવા હતા તથા સસરા વિધુર હતા. આ બંન્નેની સગવડ સચવાય તે માટે તેમને ચાર બેડરૂમનો ફ્લેટ લીધો. એક રૂમ પોતાના માતુશ્રીને અને એક બેડરૂમ પોતાના સસરાને આપ્યો. બંન્ને જણ સુખેથી જીવે ત્યાં સુધી પોતાની સાથે રહે એવી સગવડ કરી આપી.

બબલાએ આગળ કહ્યું એક બાપને બે દીકરા હતા. મોટો દીકરો લગ્ન કરી થોડા વર્ષો બાદ જુદો થયો. ત્યારબાદ થોડા વર્ષો બાદ બાપાએ બીજા દીકરાને જુદી જગ્યા લઈ જુદા થવાનુ કહ્યું ત્યારે બીજા દીકરાએ કહ્યું હું આ ઉંમરે હું તમને અમારાથી જુદો કરવા માંગતો નથી. તમારી સાથે રહી તમે શાંતીથી જીવો એમ અમે ઈચ્છીએ છીએ. એક બહેનને બે દીકરી હતી. બંને દીકરીઓ સુખી હતી. અચાનક આ બહેનને બાયપાસનું ઓપરશન કરાવવાનું આવ્યું. આ બહેન સાધારણ સ્થિતિના હતા. તેથી મુંઝવણ અનુભવતા હતા. ત્યારે બન્ને દિકરીએ કહ્યું, 'બા, ગભરાઈશ નહિ. અમને બંન્નેને તારા દિકરા સમજજે. તું જીવીશ ત્યાં સુધી તારી સાર-સંભાળ રાખવાની જવાબદારી અમારી છે માટે કોઈ ચિંતા કરતી નહિ.' બબલાએ કહ્યું આ સારા છોકરાઓ કહેવાય. હવે સમજી મા-બાપને સુખી રાખે તે સારા છોકરાઓ કહેવાય.

*(ક્રમશ :)*

# પરબ્રહ્મ પરમેશ્વર

પહાડોં મે સે તેરા પ્રગટના, બાદલ બનકે છા જાના
ફૂલો મેં સે તેરા ઝાકના, જલકી ધારામેં તું શીત સમાયા
કણ કમે મેં ભી તેરી માયા, સૂરજ કે કિરણો મેં તેરી આભા
ધરતી કી રજ કો તુને સંવારા, પવનકી લહેરો સે તુને દિલ ધડકાયા
દિલકી ધડકન સે તુજ કો જાના, તુજ કો માના મેં ને પહેચાના
તું હે પરબ્રહ્મ પરમેશ્વર પ્યારા, તું હે પરબ્રહ્મ પરમેશ્વર પ્યારા

*- ઉષા એસ. ધારીયા*

## ં માટીની કિંમત

માટી તણે સંસાર આ માટીની માનવ જાત છે,
માટી તણી માયા બધીને માટીની મહેલાત છે,
માટી તણા ઓ માનવી! કયાં માટીમાં રઢી યાત છે,
છે ચાર દિનની ચાંદની અંતે અંધારી રાત છે,
ઓ સૃષ્ટિના સરજન હારા અદ્ભુત છે તારી શક્તિ,
માટીનો ઉપયોગ કરીને, એમાંથી દુનિયા પ્રગટી,
મા માટીની, બાપ માટીનો સઘળી માયા છે માટી,
માટી માંહે જન્મ ધરીને બન્યા માટીના સૌ સાથ,
ઉછળવા લાગ્યાં માટીમાં, માટી માંહે સૌ મ્હાલે
માટીમાં આનંદ પામોને, માટીમાં પોઢે રાતે
અનાજ પણ માટીથી ઉપજો, માટીથી સહુ ચીજ બને
માટીના ઓ માનવી, માટી રોજ ઊઠીને નિત્ય જમે
માટી ખાઈ ને મોટા થાતાં, માટીના બંગલા માંહી.
માટી પર કરે સહેલ સપાટા, પરણ્યા માટીની નારી
માટી નો પરિવાર થયો, ને માટી ની મોટર ગાડી
એમાં બેસીને જાય નિરખવા, માટી ને વળી સૌ માટી
બાંધી ને લઈ ગયા સ્મશાને, ભેગા મળીને સૌ સાથ માટી
માંહે સૂવાડીયોને, એમાં આગ દીધી ચાંપી
પળભરમાં માટીની કાયા, ફરી બની ગઈ છે માટી
હું માટીનો, તું માટીનો, સઘળી દુનિયા છે માટી.
કૃષ્ણ ભક્ત થઈ કૃષ્ણ ભજન કરી,
લેને મનવા દિન રાતી

*- રૂપલ પરીખ*

# પાષાણે પ્રગટ ભયો તું

*- ઉષાએસ. ધારીયા*

પાષાણને કંડાર્યોને તું મૂર્તિમંત થયો. તું મંદિરમાં એક આગવું સ્થાન પામ્યો. હરપલ તું પૂજાવા લાગ્યો. પાષણમાંથી પ્રગટ ભયોને તું દેવ બન્યો. આનો અર્થ પાષાણમાં પણ તું વસે છે. કૃષ્ણ ભગવાને ટચલી આંગળીએ ગોવર્ધન ઉઠાવ્યો હતો. ભક્તોને ઉગારવા પ્રભુ એ આખો ગોવર્ધન ઉઠાવ્યો હતો. શ્રી કૃષ્ણ ભગવાને પણ અવતાર લીધો હતો અને ત્યારપછી સ્વંય ગિરીરાજમાંથી શ્રીનાથજીના સ્વરૂપમાં પ્રગટ થયા. પ્રભુ તો અજર, અમર, નિરાકાર, નિરંજન, અગમ, અગોચર, સગુણ, સાકાર, નિગમ, નિરૂપમ, પરમ બ્રહ્મ પરમેશ્વર શ્રીનાથજીના સ્વરૂપે સ્વયં પ્રગટયા. કયા શબ્દોમાં પ્રભુજીને નવાજુ. શબ્દકોષના શબ્દોએ ઓછા ઓછા પડે. પ્રભુજી તું ક્યાં નથી? તું પાષણમાંએ વસે છે. પાષાણ ઘસાતાં કાળે કરીને રજકણ બને, અને આ ધરતીની રજમાં આપણે અનાજના કણ વાવીએ તો તેમાંથી મણો અનાજ પેદા થાય છે, અને એ જ અનાજ આપણે ખાઈને જીવન પામીએ છીએ. એટલે પ્રભુજી રજમાં પણ વસે છે. સુનામી અને ભૂકંપે તો માનવ જીવનને રોળી નાંખ્યા અને એ પાછા રજમાં જ પરીણમ્યા. રજ કાળે કરીને પાષાણ બને છે. આમ રજમાં અને પાષાણે વસતો પ્રભુ!! પ્રભુ ક્યાં નથી? ‘અત્ર તત્ર સર્વત્ર પ્રભુ તું હી, તું હી તું’ પરંતુ કોઈ પણ રૂપ કે આકારમાં તે આપણને દેખાતો નથી અને એટલે જ પાષાણમાંથી મૂર્તિમંત બનાવીને મંદિરમાં પધરાવીને આપણે તેને આરાધીએ છીએ તેના કીર્તન, ધોળ, પદ, ભજનો ગાઈ તેની ગુણ ગાથા ગાઈએ છીએ.

આદી માનવોએ બે પથ્થર ઘસતાં જે તમખો ઝર્યો તેમાંથી તેને જ્યોત પ્રગટાવી અને આ જ્યોત એટલે અગ્નિ અને આજે પણ એ જ્યોત પ્રગટાવી અંધકારને મીટાવીએ છીએ અને એજ અગ્નિથી અનાજને પકાવી જીવનને ટકાવી રાખીએ છીએ અને એ અગ્નિ એટલે જ સૂરજ દેવ. રાત અને દિવસનું ચક્ર. પ્રભુના હાથમાં પણ સુદર્શન ચક્ર, તમને નથી લાગતું ચક્ર ચલાવનાર પ્રભુ એટલે પંચ મહાભૂતમાં વસતો દેવ! દેવ ક્યાં નથી? અને એક બીજી વાત તમારા હૃદય પર હાથ મૂકો, ‘ધક, ધક, ધક, ધક’ હૃદયની ધડકન ચાલે, અને જ્યારે આ હૃદય બંધ થઈ જાય કે માણસ મૃત બની જાય છે. આ હૃદયની ધડકનને બ્લો અપ કરવાનું કામ પ્રભુજીનું, પવન દેવનું અને આ પવનની સુરખીઓમાં પણ પ્રભુજીનો વાસ, પ્રભુજી મીઠ્ઠી મોરલી વગાડે. પ્રભુજીની આજ ફૂંકથી આપણા હૃદય પણ બ્લો અપ થાય છે. આમ આપણે જોયું કે પાષાણમાં, ધરતીની રજમાં બે પાષણ ઘસતાં ઝરતાં તણખામાંના અગ્નિમાં, વાયુમા અને અન્નમાં પ્રભુજી દૃશ્યમાન થાય છે, અને જલ શ્રી જુમને મહારાણીનું કે પછી ગંગાજીનું કે ગોદાવરી, કૃષ્ણા, કાવેરી કે પછી મહાસાગરના જલધિજલ, સૂરજ સાક્ષીએ તપે, વાયુથી ઉપર જાય, વાદળ બંધાય અને ઠંડી લાગતાં જ વરસી જાય. ખારા ઉસ ઉદધિની જલ રાશિ, જુમના જલ અને ગંગાજલમાં ફેરવાઈ મીઠું અમૃતજળ બની જાય છે અને એના વિના આપણું જીવન જીવન જ નથી એ તો તરસ લાગે એટલે તમે સમજી શકો છો. લોહીનું પરિભ્રમણ કીડનીમાંથી કચરો (મૂત્ર) બહાર ન ફેંકાય તો?

સાયન્સ ગમે એટલું આગળ વધે પરંતુ આખરની

દોરી તો પ્રભુજીને હાથ જ છે. તમે તેને પ્રત્યક્ષ જોઈ શકો કે ન જોઈ શકો તે તમારી નજદીક છે. તમારી સંગમાં વસે છે. તમારે તેને શોધવાનો જ ન હોય. તે તમારી અંદર જ વસે છે. ડૉકટરોના હાથ પણ ઑપરેશનો કરતાં પહેલાં પ્રભુજીને જ જોડાય છે. પરિસત્તા તો મારા પ્રભુજીને હાથ જ છે. મારા કહું કે તમારા, પ્રભુજી તો સર્વે જીવમાત્રનો સંગી છે જ અને છે જ. આપણી આટલાં નજીક રહેતાં, આપણા સૌમાં વસતા પ્રભુજીને કેમ નવાજશો ? મહેમાનો આવે તો ચાહ, નાસ્તો, ઠડું યા તો જમવાનું પીરસાય. તમે ઠાકોરજીને શું પીરસશો ? સેવા કરો ત્યારે તો ઠાકોરજીને નાગરી, દૂધ, મીશ્રી, લીલો, સૂકો મેવો ધરો છો અને એથીય વિશેષ રાજભોગમાં થાળ ધરો છો. અતિ સુંદર છે, પરંતુ આપણી નજીક રહેતાં, આપણા હૃદયમાં વસતા દેવને શું ધરશો ?


તમારુ મોત તમારી આરસી છે અને સરળ હૃદયના નિર્મળ મનના માનવીઓને મોત પણ એવું જ સરળતાથી જ આવે છે. કર્મના તોલ મોલ પછી જ એ તોળાય છે. માટે જ ઉપર જે પ્રશ્ન મૂકયો છે. દેવને શું ધરશો ? અને એ માટેની પૂર્વ તૈયારી રૂપ સાત્વીક, આદર અને એવા જ સાત્વીક કર્મની ભેટ પ્રભુ ચરણે ધરવાની હોય છે. હવે સાત્વીક કર્મની તુલના કેમ કરશો ? એક ભાઈએ પ્રશ્ન કર્યો કે દેવ ક્યાંય દેખાતો નથી? નહીં તો સુનામી અને ભૂકંપમાં અને સાતારા જીલ્લાના મંદિરમાં લાખોની સંખ્યામાં નિર્દોષ માણસો મર્યા ન હોત ? એનો એક જવાબમાં તો લાખો નિદોર્ષ બકરાઓ અને બીજા કેટલાંય પ્રાણીઓની કતલ વર્ષો વર્ષ થતી હોય છે અને એમને હલાલ કરીને તડપાવીને મારવામાં આવે છે અને વળી રોજના રોજ બીજા કેટલાંય નિર્દોષ પ્રાણીઓની કતલ થતી હોય છે ? ગરમ ઉકળતા પાણીમાં જીવતાં મરઘીનાં બચ્ચાંઓને ધબાધબ ફેંકીને ચીકન સુપ બનાવાય છે. આ બધા પાપીઓને ચૂની પ્રભુ એક જ ઝાટકે મોત આપતો હોય છે અને એ ખપ્પરમાં નિર્દોષ બાળકો પણ હોય એ એમના સંચિત કર્મોના મોલ કરવા જ રહ્યા હા ત્યારે જો આપણા હૃદયમાં દયા, અનુકંપા ન જાગે તો આપણે માથે પણ પાપનો ભાર થોડા અંશે ચડે ખરો, આ તો એક દાખલા રૂપે જ બાકી નિયતી અને પ્રભુના ન્યાયમાં કોઈ અપવાદ ન જ હોય, ન જ હોય ! ! એક બાળક મહિનાનું થઈને મરી જાય એ શું પાપ કરતો હોય એના સંચિત કર્મ જ તોલાતા હોય, નવ મહીના માના ઉદરમાં નર્કાગાર ભોગવી અને ઉંધે મસ્તક રહે, ડૉકટરોનાં માંગતા લેણા ચુકવાવે અને માતાપિતાને માતા અને પિતાનું બિરુદ અપાવે અને લેણદેણ પૂરી થાય. આતો ફક્ત દાખલા રૂપે જ, કર્મના તોલ મોલ થાય એટલે પ્રભુજી તેની જીવન લીલા સંકેલી લે છે. એટલે કે તે મૃત્યુને વરે છે. ઘણી વખત આ જન્મે કોઈ જ પાપ ન કરનારાને પણ કેન્સરની વેદના ભોગવવાની આવે છે. તો એ સંચિત કર્મનો જ તોલમોલ છે. આજનું સાયન્સ અને આજની પેઢી આ સંચિત કર્મને ગણકારે, એ તો એમ જ માને કે હાર્ટ બંધ થયુંને માનવી મરી ગયો. મશીન ખોટકાઈ ગયું, પરંતુ માનવીની શારીરીક રચના એવી કરેલી છે પ્રભુજીએ કે હૃદય જે અવિરત પણ રાત દિવસ અને વર્ષો વરસ કામ કરે છે તમાં કોઈ અપવાદ નથી. વળી જન્મ થાય છે ત્યારનું જે ચામડીનું આવરણ છે તે એવું સ્ટ્રેચબલ છે અને વળી તેને કોઈ સિલાઈ, ટાંકા કશું જ નથી અને જેમ મોટા થઈએ તેમ શરીર મોટું થાય તેમ તે સુંદર રીતે વધે છે. વળી ૨૩.૫ ફુટ નાનું આંતરડુ અને ૬.૫ ફૂટનું મોટુ આંતરડુ, બધી ક્રિયા ઓટોમેટીક. જ્યારે કોઈ સાયન્સ એવું નથી કે તેમાં સ્વીચ ન હોય, કંટ્રોલ પાવર ન હોય.

વર્ષો વર્ષ અવિરત ચાલ્યા કરે એવું કોઈ મશીન નથી બનતું. આંખ જુઓ, કાન, નાક, બધી જ ક્રિયા અવિરત ચાલે હા. અપવાદરૂપ આપણી અનિયમીતતા ભૂલ ભરેલી રહેણી તથા સંચિત કર્મના આધારભૂત રોગની વૃદ્ધિ. બાકી તો સાત્વીકતા નિયમીતતા અને સરળ અને નિર્મળ સ્વભાવથી આ જીવન સ્થગિત ગતિએ અવિરત ચાલતું રહેશે. પ્રભુએ તો ખાવાની, પીવાની પાણીની જરૂરતો તો કર્માનુસાર પૂરી પાડી છે સાથે ઓસડીયાની ભેટ પણ નવાજી છે. મીઠી નિંદર માટે રાત બનાવી. રંગ, રૂપ, સુંગધ અને સમીરનો વીંઝણો. પ્રભુજીની આ લીલાને કેમ કરીને નવાજીશું. પ્રભુજીએ તો પ્રેમનો અમૃત કળશ ઢોળ્યો છે. આપણે તેમને ગમતું શું કરીએ છીએ ? અને શું કરીશું ? શાંત પણે વિચારજો. વ્હાલા વરજી હોય કે વ્હાલા માતા પિતા હોય વ્હાલા દીકરા દીકરીઓ હોય, પરંતુ સબસે પ્યારા મેરા પ્રભુજી આ પ્યાર દુલારના મોલ તો 'માંદા પડયા તે મહાસુખ માણે' માણવાના જ હોય. એને મનની દૃષ્ટિથી જ અનુભવવાના હોય. પ્રભુ તો હરપલનો સાથી સંગી છે એને તો કેમ વિસરાય ? એક ડૉકટરના ચાલુ કેટરેકના ઑપરેશન જે લેસરથી થઈ રહ્યું હતુ તે વખતે પેસન્ટને જોરદાર બે ખાંસી આવી હવે ડૉકટર હોંશિયાર, ખબરદાર તેથી કરીને આંખને નુકશાન થતું બચી ગયું. અને ડૉકટરની કેરીયર પણ સફળતાને વરી. આ મીરેકલને ડૉકટરની ચપળતા, સફળતા સાથે સાથે પ્રભુની કૃપા તો જરૂરથી ગણીશું. આ વખતે પ્રભુજી પેશંટ અને ડૉકટર બંન્નેનો સંગી હતો અને આ પ્રભુજીની કૃપાની દેણ છે એમ જરૂરથી કહીશ.

હવે તમને સમજાશે કે મન નિર્મળ અને હૃદય સરળ હશે તો પ્રભુજી તમારી સંગે છે. મન, વચન અને કર્મ એકદમ નિર્મળ રાખો, જેમ કલુશિત પાણી પીએ નહી, બગડેલું અને કોહેલું આપણે ખાઈએ નહી તેમ પ્રભુજી જે હૃદયમાં જ વસે છે એને પણ પવિત્ર અન્નનો ઓડકાર જ ખવડાવજો. દુષિત આપણે વર્જ્ય ગણીએ છીએ. તો દુષિત કર્મથી પણ આપણા મનને કોષો દૂર રાખીએ તો કેવું ? અહંકાર, અહમ, વ્યભિચાર, લોભ, હરામની કમાઈ વગેરે વગેરેથી મનને દુષિત ન બનાવો. નશાથી ઝુમતાં મનને વાળો, દિશા સૂચક બનાવો, સાત્વીકતાને અપનાવો, મોતને તમારી આરસી બનાવો. ચાર પાંચ સંતાનની માતા દિકરાઓ પણ સ્મગલીંગ કરે, પણ નિર્મળ હૃદયની માનું મૃત્યુ ઉજ્જૈનના કુંભ મેળામાં અગીયારસને દિવસે નાહ્યા પછી થયું. એવી જ રીતે બીજી એક મા, ચાર પુત્રોની સંગે, રહી આવી જુદા જુદા ને પછી દેશમાં બે દિવસ રહીને ત્યાં જ મૃત્યુ પામી, જેની પાસે દવા કરાવવાની, હોસ્પીટલના ખર્ચાના પૈસા ન હતા, એવી એક માને જમી ખાઈને મૃત્યુ આવી ગયું. એક બેન ઉંઘમાં જ ઉંઘી ગયા. એક ભાઈ તેમના મિત્ર સાથે ગપ્પા લગાવી, જમી ખાઈને મૃત્યુને વર્યા આમ મન તમારી આરસી છે. પ્રભુ તો દયાળુ છે જ તેને તો કુબેરો લુંટાવ્યો છે અને વળી થાંભલામાંથી પ્રગટ થઈને બતાવ્યું કે પ્રભુજી હર જડ ચેતનમાં સમાયેલો. વળી 'પાષણમાંથી પ્રગટ થયા વનમાળી' પાષણમાંથી પાણીના ઝરા, પાષાણની રજમાંથી અન્નકણ; એમ પાષામમાંથી સ્વયં પ્રગટ થયા શ્રીનાથજી આવી વ્હાલા પ્રભુજીના આરાધનમાં શું અર્પણ કરશો. એ તમે જ નક્કી કરજો.....



# 1+1=2 ગણિત આંગળીના વેઢે (VEDIC MATHS)




- નિમિષા કીરણ પરીખ

Vedic mathematics is system which provides superfast methods for calculations and increases your speed of calculations are possible through vedic methods. So solving not only math sums but also numerical problems of physics and chemistry becomes easy through vedic maths. As you know that calculators are banned fully in some of the exams, lots of time is wasted in calculations which can be saved and utilized in solving other problems.

Last time we saw the methods of multiplying two numbers, that are near 10 or 100, but what about multiplying numbers that are around 20,30,or 60?

Can we still use that method? Yes we certainly can.

Let's try an example

23 x 24   23 and 24 are higher than base 20. how much higher are they?

We write these numbers this way.

```
23  +3
24  +4
----------
2 x 27  / 12
54
```

we add diagonally as before 23+4=27 or 24+3=27

20 is 2 time the base 10 so we multiply 27 by 2 i.e.54

the rest is the same as before.

We multiply 3 x 4 = 12 and 1 is carried to the left 54+1/2=552 is the answer.

Let's try another.

23 x 31

```
23  +3
31  +11
----------
2 x 34  / 3/3
68 + 3 = 71/3
```

adding diagonally we get 23+11=34 or 31+3=34. multiply 34 by 2 as 20 is 2 times the base 10.34 x 2 = 68 is the RHS of the answer. now multiply 11 x 3 = 33, 3 is carried to the left. we get 68+3 = 71

hence the answer is 713

How about multiplying number below 20? Let's try an example.

19 x 16

```
19   - 1
16   - 4
----------
2 x 15/4
30/   4
```

using 20 as a reference number, subtract diagonally 16 - 1 = 15 or 19 - 4 = 15. multiply 15 by 2 to 30 as L.H.S. of the answer.

now for last part, vertically multiply -1 x -4 = 4. 4 is the R.H.S of the answer. so the answer is 304.

The other possibility is if one number is above and the other is below 20.

For example 18 x 32

```
18   - 2
32   +12
----------
2 x 30 / - 24

60   / 0
- 2  / 4
----------
576
```

subtract or add diagonally 32 - 2 = 30 or 18 + 12 = 30. multiply

30 by 2 to get 60. now multiply -2 x 12 = -24.

as the reference number 20 has one zero, R.H.S. has only digit

arrange as shown and subtract. Hence the answer is 576.

What if the numbers are higher? then we can use 50 as a reference number. It is easy as 50 is half of 100.

Let's try it. 46 x 48

```
46   - 4
48   - 2
----------
44 ÷ 2/   08
22   /    08
```

subtract diagonally 46 - 2 = 44 or 48 - 4 = 44

divide 44 by 2 as the reference number 50 is half of 100.

44 ÷ 2 = 22 L.H.S.of the answer. now vertically multiply

-4 x -2 = 8 but we will put 08 as 100 has 2 zeros hence the

answer is 2208


Here are some problems for you to do. Can you do in your head?

46 x 42, 47 x 49, 46 x 49, 51 x 68, 44 x 44.

The other vedic method to multiply numbers that dosen't does suggest any easy reference number is by the method. This is the usual method employed by people who do lighting calculations.

For example.


42 x 13





starting at right, multiply the two right hand most digits vertically

that is 2 x 3 = 6 and set the answer down underneath as the right

hand most part of the answer.




we then multiply 4 by 3 and 2 by 1 crosswise, and these two answer together. 4 x 3 = 12 and 2 x 1 = 2. and add 12 + 2 = 14. Set down the 4as the next answer digit and carry the one the Left.




now we multiply 4by 1 vertically and set down the 4 as the left

hand side most answer digits

add the carry digit to given the answer 546.

The method can be started either from the right or from the

left.

Try these for yourself.

42 x 74, 37 x 64, 27 x 81, 34 x 72.


Let's multiply larger numbers.

The vertically and crosswise method may easily be extended to multiply numbers

containing any number of digits but for now we take up the case of multiplying three


digit numbers.

Multiply 275 x 513




vertically, last two digits 5 x 3 = 15, write 5 and carry the 1 to the


left.




crosswise last two digits(7 x 3) + (5 x 1) = 26, put 6 and carry the


2 to the left.

vertically and crosswise all three digits in the following order.





(2 x 3) + (5 x 5) + (7 x 1) = 6 + 25 + 7 = 38

put 8 and carry the 3 to the left.




crosswise first two digits (2 x 1) + (7 x 5) = 2 + 35 = 37


put 7 and carry the 3 to the left




vertically first two digits 2 x 5 = 10, put 0 and carry the one to the left.

After adding up the carry digits the answer is found to be 141075.

The diagram below may help remember the vertically and crosswise pattern required for multiplying two three digits number together. Each dot represents a digits in the number and the lines joining the stand for digits to be multiplied.




This method can be performed either from the right or from the left.

Are you impressed by how easy it is to multiply three digits numbers!

If the number has only two digits then you may feel the empty numbers columns with a nought.

Try these for yourself :

423 x 203, 477 x 121, 523 x 423, 45 x 433.

We have an easy shortcut for multiplying number when the unit's digits add to ten and the digits differ by one.

If you want to multiply 38 by 42, we use shortcut.

Here lower number is the same amount lower than the tens digit as the other is higher.

In this case 38 is 2 lower than 40 and 42 is 2 higher.

It is easy to multiply 40 by 40. 40 squared is 1600. 38 and 42 are 2 below and 2 above.

The square of 2 is subtracted from the square of 40.

$38 \times 42 = 40^2 - 2 = 1600 - 4 = 1596$.

Same way

67 x 73, 3 below and 3 above 70 so $70^2 - 3^2 = 4900 - 9 = 4891$

26 x 34, 4 below and 4 above 30 so $30^2 - 4^2 = 900 - 16 = 884$

Try these for yourself

27 x 33, 46 x 54, 122 x 118, 9 x 11.

મીઠાઈમાં જે સ્થાન ‘સાકર’નું છે, ફરસાણમાં જે સ્થાન ‘મીઠા’ (નમક) નું છે, સંસાર જગતમાં જે સ્થાન ‘સંપત્તિ’નું છે, બસ એજ સ્થાન અધ્યાત્મ જગતમાં ‘સંવેદનશીલતાનું’ છે.

# અલાસ્કા કૃઝના સહારે દરિયાઈ સફરનો અનોખો અનુભવ

- ભગેશ ચં. કડકિયા

*(હપ્તો - ૩)*

*''ખારાં - ખારાં ઊસ જેવા, આછાં - આછાં તેલ:*
*પોણી દુનિયા ઉપર એવા , પાણી રેલમછેલ !*
*આરો કે ઓવારો નહી, પાળ કે પરથારો નહી,*
*સામો તો કિનારો નહીં.*
*પથરાયા એ જળભંડાર સભર ભર્યા !----*
*વિશાળ લાંબો પહોળો ઊંડો*
*એવો મોટો ગંજાવર !*
*એના જેવું કોઈએ ન મળે !*
*મહાસાગર તો મહાસાગર !*

'મહાસાગર' ને જોઈ કવિ- હૃદય, વિરાટનો મહિમા, શબ્દોની સ્વપ્ન-સૃષ્ટિ રચી, કેવી સહજ રીતે અભીવ્યક્ત કરે છે! તેમની પાસે બધી ઉપમા વામની લાગે છે: એટલે તે 'મહાસાગર' - બીજું કશું જ નહીં માત્ર 'મહાસાગર' છે એમ કહીને કાવ્યને સમેટી લે છે. પેસિફિક મહાસાગરના શાંત જળમાં અમારી કૃઝ એકધારી ગતિએ પોતાનો લાંબો પથ કાપી રહી હતી ત્યારે મારાં મનમાં કવિના આ શબ્દોનો પડતો હતો. ધરતી છોડી જળ સાથે છેલ્લા થોડાંક દુવસોથી પ્રેમનો નાતો મારો બંધાઈ રહ્યો હતો તે વેળા મારી અંદરની સંવેદનામાં 'સમુદ્ર' ને લગતી અનેક કાવ્ય-પંકિઓ ડોકીયા કાઢી રહી હતી. તેમાંની કેટલીકનો પરિચય પહેલા બે હપ્તામાં થયો. આ હપ્તાને પણ કોરો ન રાખવાની તેની મુરાદ આગળ મારે શરણે જવું રહ્યું. આથી અલ્પાંશે અહી તેનું રસપાન કરી લઈએ અને ગમતાંનો ગુલાલ કરીએ. અહીં એક ભાવગીત યાદ આવે છે:-

*''ક્યાંક તો છલકે સાગર - સુખમાં:*
*કયાંક ધૂધવતા દરિયા દુઃખના !*
*કોઈ દરિયો ડુબે,*
*કોઈ મરજીવો તરનારો !--- માનવ - મનનો માળો !''*

અને દરિયાને જોઈ, કવિ સુંદરજી બેટાઈનું નૌકા-પ્રવાસનું કાવ્ય સાંભરે છે. બાળપણમાં તે ઘણીવાર ગાતાં હતાં. તેમાં મંજીલ દૂર હોવા છતાં મનોબળની મજબૂતીના કારણે માનવીય પુરુષાર્થની જીત થતી દેખાય છે:-

*''આકાશી નૌકાને વીજ દેતી કાટકા,*
*તારી નૌકાને દેતી એ ઝાટકા:*
*મધદરિયો મસ્તીમાં છો ને ચકચૂર છે: બંદર છો દૂર છે:*
*અલ્લાબેલી, અલલાબેલી, જાવું જરૂર છે.''*

કૃઝ-સફરનો પાંચમો દિવસ હબ્બાર ગ્લેસિયર્સ, માટે ફાળવ્યો હતો. આ માટે કોઈ ટાપુ પર જવાનું ન્હોતું. ઘર બેઠાં આ સ્વર્ગીય આનંદ લુંટવાનો હતો. તેમાં વળી સૂર્યનારાયણે અમારા પર મહેરબાની કરી. વાદળાં કે વર્ષાનું વિઘ્ન ના નડયું. આ ગ્લેસિયર્સની હારમાળાની આસપાસ અનેક Ice Bergs સાગરમાં તરતાં હતાં. બહારથી તે માત્ર બરફના નાના ટૂકડાં લાગે પણ વાસ્તવમાં અંદરથી તે પહાડ જેવાં વિરાટ હતાં. આથી કેપ્ટનને ખૂબ સાવધાની રાખવી પડે. કુનેહથી કામ લઈ આસ્તેથી તે કૃઝને શકય એટલી ગ્લેસિયર્સ નજદિક લઈ આવ્યા. આમાં જ તેની કાબેલિયત છતી થતી હતી. આ શ્વેતરંગી પહાડોનો પરીચય નીચે પ્રમાણે છે:-

The mighty Hubbar Glaciers extends more than 90 miles through the Weangell-st. Elias National Park to the head of Yakutat Bay. It remains One of Alaska's most active Glaciers

as it continuius to advance.

આજે પણ આ ગ્લેસિયર્સ ક્રિયાવંત છે અને તેનું રૂપ સતત બદલાતું રહ્યું છે. તેના પર સૂર્યના કિરણો પ્રતિબિંબિત થતાં તેમાંથી અનુપમ દૃષ્ય સર્જાતું હોય છે. સૌ પ્રવાસીઓ ડેક પર તેનું મુગ્ધભાવે રસપાન કરતા હતાં અને કેમેરાની ચાંપો ફડાફડ દાબતા હતા. ઈશ્વરના આ રમ્ય સ્વરૂપરને નિહાળી, માત્ર અહોભાવ સિવાય બીજો કોઈ ભાવ નીકળી શકે એમ ન્હોતો. આની અદભુતતાએ સૌના દિલ-દિમાગ પર કબ્જો જમાવી દીધો. દોઢેક કલાક અમે તેની આસપાસ ગાળ્યો હશે.

કૃઝ-સફર આગળ ચાલી. હવે પછીનું મંજિલ, પંદર હજારની વસ્તી ધરાવતું, સાલ્મન મત્સ્યની કેપિટલ સીટી કેચિકન હતું. Thundering Wings of Eagle - આ છે તેનો મૂળ અર્થ. છઠ્ઠા દિવસે અમે ટલીન્જીતની વસાહતવાળા નગરમાં પ્રવેશ કર્યો. ૧૫૦ થી ૨૦૦ ઈંચ સરેરાસ વરસાદના કારણે તેને અલાસ્કાની- વર્ષા નગરી-તરીકે પણ અહીંના લોકો પિછાને છે. ટોટમ પોલની આ અસલ ધરતી. અંદરથી નરમ એવા સિડારના વૃક્ષના થડને કોતરીને આ દેશી પ્રજા, ટોટમના પોલ્સ, ઊભાં કરે છે. આ કોતરેલાં લાકડાના થાંબલા પર પ્રજાનો ઈતિહાસ-પૌરાણિક કથાઓ, તેમની પશુ-પક્ષીની સૃષ્ટિ આલેખાયાં છે. સામાન્યતઃ ૫૦ થી ૬૦ વર્ષનું આ ટોટમ પોલ્સનું આયુષ્ય ગણાય. જો કે ક્યાંક હજી ૧૫૦ થી ૨૦૦ વર્ષના જૂનાં ટોટમ હયાત છે. તે પછી બાળવા માટે તેનો ઉપયોગ થતો હોય છે. તેના પર વાપરેલા રંગો-કાળો, ક્રિમ, કથ્થાઈ કે વાદળી- તેની વન્ય પેદાશની ઉપજ છે. આજે ખાનગી ક્ષેત્રે જગતભરના ધનપતિઓ પોતાના સ્મારકરૂપે આ ટોટમ પોલ અહીંના કારીગરો પાસે બનાવડાવે છે. આમ તેમનો કસબ હજી જળવાઈ રહ્યો છે. આ સિવાય તેમની પાસે નકલી ચ્હેરાનાં મ્હોરાં બનાવીને પોતાની આવડતનું પ્રદર્શન કરવાની કરામત છે. ભાતભાતનાં પ્રાણીઓ-પક્ષીઓના આબેહુબ મ્હોરાંઓ તેઓ ઘડે છે: અને તેમના વાર-તહેવારે તેઓ પહેરી, ગાતાં અને નૃત્ય કરતાં જોવા મળે છે. અહીં ઉતરીને પ્રથમ અમે સેક્ષમેન વિલેજમાં રહેતી ત્યાંની મૂળ વસાહતને મળવા અને તેમનો પરિચય સાધવા બસમાં બેસીને ગયા. પહેલાં અમે એક હોલમાં રૂપેરી પરદા પર તેમની વિશિષ્ટતા બતાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ જોઈ. તે પછી બાજુના સભાગૃહમાં, અસલ પહેરવેશ સાથે તેમનો સારો પરિવાર, નાચતો-ગાતો સ્ટેજ પર આવ્યો. તેમના દેશી વાજિંતત્રોના તાલે તે લોકોએ તેમના Folk Songs નૃત્ય સાથે ગઆ બતાવ્યાં. તે સાથે તેમના મુખીએ અંગ્રેજીમાં તેનો અર્થ સમજાવ્યો. દક્ષિણ એશિયાના લોકો જેવો તેમનો પાકો ઘંઉવર્ણ રંગ. ભાષા સ્પેનિશ જેવી. તે હસે ત્યારે તેમાં સચ્ચાઈ અને વિનમ્રતા દેખાય. અહીં તેમનો અસલી મિજાજ જોવા મળ્યો. તેમના ઘરોની ગોળાકાર બાંધણી જોઈ નવાઈ તો અમને લાગી. તેમાં પ્રવેશતાં તમારે નીચા વળીને અંદર જવું પડે. આમાં તેમના ઘર તથા રહેવાસીઓ પ્રત્યેનો આદર વ્યક્ત થાય છે, એવી તેમની માન્યતા આની પાછળ રહેલી છે. પ્રત્યેક ઘરમાં ૩૦ થી ૫૦ સભ્યોં હશે. આથી દરેક ઘરમાં બે થી ત્રણ ચુલા સળગતા રહે, જેમાં ચોવીસ કલાક ખોરાક રાંધે અને તેઓ ગમે ત્યારે આવીને તે ખાય. જમવાનો કોઈ સમય નહી. બહારથી આ ઘરો ભાતભાતની ડિઝાઈનોથી ચિતરેલાં જોવા મળ્યા. તે પછી અમે તેમનાં કારખાનાઓ જોયાં, જેમાં આ ટોટમ પોલ્સ કેવી રીતે બનાવે છે, તેની કારીગરી બતાવી. ત્યાંથી અમારો ગાઈડ, જે કૉલેજનો જે પ્રાધ્યાપક હતો, અમને તેના વન-પ્રદેશ તરફ દોરી ગયો. વન્ય-સૃષ્ટિ આ પ્રદેશની આગવી વિશેષતા. ગરમી અને વર્ષાને લઈ ચોમેર તોતિંગ વૃક્ષોના ગાઢ જંગલો ઊભાં થયાં છે. આ વન-પેદાશ પર જ તેમનો જીવન- નિર્વાહ. આ કુદરતને જોઈ મને ''વૃક્ષ-ઉપનિષદ'' યાદ આવી ગયું:

'વૃક્ષ' શબ્દ સાંભળતા જ હૃદયની ડાળી પર એક લીલીછમ કુંપળ ફૂટી નીકળે. એ ડાળીઓની વચ્ચેથી પસાર થાય વિસ્મયની લહેરખી-કશુંક લીલુંછમ આંખો સામે ઉઘડવા માંડે. પર્ણોની ધીમી ગુફ્તેગો ડાળીના કાને અથડાયા કરે. ઘેઘૂર ડાળીઓ વચ્ચે સૂર્યના કિરણો પથરાતાં, અજવાળાનું ઝીણું નકશીકામ થવા માંડે આંખોમાં પથરાવા માંડે વૃક્ષોનો લીલેરો વૈભવ. ઊડી ગયેલા પંખીના ટહુકાની પગરવ સચવાઈ જાય. ઝુકેલી ડાળીઓના ખભા પર --- વૃક્ષ એ તો ઈશ્વરના હાથથી લખાયેલી લિપિ. આ લિપિને વાંચવા હૃદયની આંખ જોઈએ. વૃક્ષનું જ લીલુંછમ. પોતાના મૂળિયાં જમીનમાં દાટી પોતાનો રસ જાતે જ મેળવી લે. ધરાનું બંધન સ્વીકાર્યુ હોવાથી ચોતરફ ફેલાઈ છે એની ઘટાઓ. ટાઢ, તાપ કે વરસાદને ઝીલતું દરેક ૠતુમાં ધબકતું આ છે વૃક્ષ. પથ્થર મારનારને ફળ આપે શંકર ભગવાનની જેમ ઝેર પી લે છતાં અમૃતરૂપી પ્રાણવાયુ આપે. બદલાની કોઈ આશા. નહિઃ આભાર કે કદરના બે મીઠાં વેણની કોઈ અપેક્ષા નહિઃ બલ્કે પોતાનાં મૂળિયાં ઔષધરૂપે આપે. પૂજાની સામગ્રી માટે ફૂલ-પાન આપે : ભૂખ સંતોષવા ફળ આપે, થાકેલાને તેની છાયામાં વિસામો આપે. અન્યનો વિચાર કરતાં શીખવે તે વૃક્ષ એ નિઃસ્વાર્થ પ્રેમનું પ્રતિક. આથી એક ભાવગીતમાં કહે છે :

*નિજનું ના કોઈ પરાયું: શીતળ થઈ વૃક્ષ છવાયું !*
*મારું-તારું છોડીને જગ - બાગ સજાવી દેજો ! આ વૃક્ષ તણો સંદેશો*

પ્રકૃતિ અને માનવ જીવન અરસપરસમાં ઓતપ્રોત થઈ ગયેલું અહીં જણાય છે. વાસ્તવમાં મનુષ્ય તેના વિના પાંગળો જણાય છે. આપણો તાલ પ્રકૃતિના તાલ સાથે મેળ ખાય તો પછી જીવનમાં માત્ર પ્રસન્નતા અને શાંતિ ભવ્ય મહિમા છે ! આથી કવિ-મનિષિ શ્રી ઉમાશંકર જોષી સાથે આપણે અહીં સહમત થઈએ છીએ.

*''વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી*
*પશુ છે પંખી છે પૂષ્પો, વનોની છે વનસ્પતિ''*

પ્રકૃતિ અને માનવજીવનના સહયોગીની આ યાત્રા, આવતા હપ્તે આપણે સમાપ્ત કરશું. અહીં Reverence to Natural and its all Creatures ના સદ્‌ભાવ સાથે હપ્તાને આપણે વિરામ આપીએ.

*(ક્રમશઃ)*

# બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત

## સંગીતા કિરણ દોશી ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત

## વ્યાખ્યાનમાળા

સુજ્ઞશ્રી,

ઉપરોક્ત વ્યાખ્યાનમાળા ઉપક્રમે વ્યાખ્યાન અને ભજનગંગાનો કાર્યક્રમ, રવિવાર તારીખ ૨૦ માર્ચ ૨૦૦૫ ના દિને યોજેલ છે, જેમાં ઉપસ્થિત રહેવા આપ સૌને અમારૂ ભાવભર્યુ આમંત્રણ છે.

**વિષય** : **''જીવનમાં વાણી''**
**વ્યાખ્યાતા** : **માનનીય શ્રી મનુભાઈ ગઢવી**
**સ્થળ** : **લાયન્સ કોમ્યુનિટી સેન્ટર, તળાવના દરવાજે, બાલાસિનોર**
**સમય** : **સાંજે ૫.૦૦ થી ૭.૦૦**

*લિ. નટવરલાલ ચંદુલાલ પરિખ (વોરા), પ્રમુખ*

# નવયુવક સંઘ દ્વારા આયોજિત જનસાથી ક્રિકેટ ટુર્નામેન્ટ, તા. ૨૭.૩.૨૦૦૫ વિલ્સન જીમખાના ગ્રાઉન્ડ ઉપર અંકિત પી.પરિખ V/s રવિશ એમ. દેસાઈની ટીમ વચ્ચે રમાશે

**૭મી મેચ :**

તા. ૬.૨.૨૦૦૫ના દિવસે કિંજલ પરીખની ટીમ સામે રમાયેલી મેચમાં કિંજલ પરીખની ટીમ બીજા રાઉન્ડમાં વિજેતા બની હતી.

સામેની ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૨૫.૧ ઓવરમાં ૧૩૭ રન કર્યા હતાં, જેમાં હિતેષ એન. શાહે ૩૫ કર્યા હતા, તથા આશિષ વી. શાહે ૩૬ રન કર્યા હતાં, જ્યારે કિંજલ પી. પરીખની ટીમ તરફથી કુનાલ ટી. ધારિયાએ ૪૨ રન અને ધરવ પરિખે ૪૦ રન કર્યા હતાં. રૂપીન પી. કડકિયાએ ૨૬ રનમાં ૪ વિકેટ લીધી હતી જ્યારે નિમિષ બી. પરીખે ૧૫ રનમાં ૨ વિકેટ લઈ તેમની ટીમને વિજય અપાવી, સેમી ફાઈનલમાં લઈ જવામાં મહત્વનો ફાળો આપ્યો હતો.

**૮ મી મેચ :**

તા. ૧૩.૨.૨૦૦૫ના દિવસે અંકિત પી. પરિખ V/s શિતેન ડી. કડકિયાની ટીમ સામે રમાઈ હતી. જેમાં અંકિતની ટીમ વિજયી બની સેમીફાઈનલમાં પહોંચી હતી. અંકિત પરીખની ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૪૦ ઓવરમાં ૨૧૪ રન બનાવ્યાં હતાં, જેમાં કેપ્ટન અંકિતે ૮૦ રન તથા કામિલ પી. શેઠે ૨૪ રનનો મહત્વનો ફાળો આપ્યો હતો. શિતેન કડકિયાની ટીમ તરફથી જીગર કે પરીખે ૨૮ રનમાં પાંચ વિકેટ અને સમીર આર. દેસાઈએ ૨૭માં ૩ વિકેટ લીધી હતી.૧૫.૧ ઓવરમાં શિતેન કડકિયાનાં ૪૪ રન હોવા છતાં પણ ૧૧૦ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. અંકિત પરીખની ટીમ તરફથી ૨૪માં ૩ વિકેટ કામિલ શેઠે, સંજય મોદિએ ૮ રનમાં ૨ વિકેટ અને રાહુલ ટી. પરીખે ૨૩ રનમાં ૨ વિકેટ લઈ તરખાટ મચાવ્યો હતો. જેથી અંકિતની ટીમ સેમી ફાઈનલમાં પહોંચી હતી.

**૯ મી મેચ :**

તા. ૨૦.૨.૨૦૦૫ના દિવસે અંકિત પરીખ અને નિહાર કડકિયાની ટીમ વચ્ચે પ્રથમ સેમી ફાઈનલ રમાઈ હતી, જેમાં અંકિત પરીખની ટીમ ફાઈનલ માટે Qualified થઈ હતી. જેમાં આ વરસની સૌથી પ્રથમ સેન્ચુરી કેપ્ટન અંકિતે ૧૧૮ રન કરી નોંધનીય ફાળો આપ્યો હતો, જ્યારે નવયુવક સંઘના ક્રિકેટ સેક્રેટરી મિતેષ ધારિયાએ ૩૮ રન, સંજય કે મોદીએ શાનદાર ૩૭ રન અને સાહિલ એન. દેસાઈએ ૩૧ રન બનાવ્યા હતા. અંકિતની ટીમ તરફથી કામિલ પી. શેઠે ૨૯ રનમાં ૪ વિકેટ, સંજય કે મોદીએ ૩૫ રનમાં ૩ વિકેટ લીધી હતી. અંકિતની ટીમે ૪૦ ઓવરમાં ૩૨૭ રન કર્યા હતાં.

નિહાર કડકીયાની ટીમ ૨૦૬ રનમાં ૨૬.૪ ઓવર્સમાં ઓલ આઉટ થતા પરાજય પામી હતી. જેમાં અમિષ યુ. દેસાઈએ ૫૨ રન, રૂપેશ કે. મોદીએ ૪૬ રન તથા રિપલ બી. પરીખે ૨૮ રન કર્યા હતાં. નિહારની ટીમ તરફથી સંદીપ કે. ધારિયાએ ૩ વિકેટ ૫૨ રનમાં તથા રિપલ બી. પરીખે ૩૮ રનમાં ૨ વિકેટ લીધી હતી.

**૧૦મી મેચ :**

તા. ૨૭.૨.૨૦૦૫નાં દિવલે બીજી સેમી

ફાઈનલ મેચ, રવિશ એમ. દેસાઈ અને કિંજલ પી. પરીખની ટીમ વચ્ચે રમાઈ હતી.

રવિશની ટીમ - પ્રથમ બેટિંગ કરતાં ૪૦ ઓવર્સમાં રવિશનાં ૧૧૩ રનનાં લીધે ૨૯૪ રન બનાવવામાં સફળ થઈ હતી. રિતેશ બી. કડકિયાએ ૪૦ રન અને દેવાંગ પરીખે ૨૯ રન અને અર્પિત એમ. શેઠે ૨૮ રન બનાવ્યાં હતાં. રવિશની ટીમ તરફથી નિરવ જે. દેસાઈએ ૨ વિકેટ ૨૧ રનમાં જ્યારે ઉત્સવ પી. મોદીએ ૨ વિકેટ ૭ રનમાં લીધી હતી. જેનાં લીધે રવિશની ટીમ બીજી ટીમ તરીકે ફાઈનલમાં પહોંચી હતી.


કિંજલ પરીખની ટીમ ૨૩૯ રનમાં આઉટ થઈ જતાં પરાજિત થઈ હતી. કિંજલ પરિખે નોંધનીય ૫૫ રન અને રિકિત એમ. મોદીએ ૬૬ રનનો ફાળો, તદુપરાંત નિમિષ બી. પરીખે ૨૮ રનનો ફાળો આપ્યો હતો. બીજી બેટિંગ કરતાં તેની ટીમ ૩૬ ઓવર્સમાં ઓલ આઉટ થઈ ગઈ હતી.

સિંગલ વિકેટ ટુર્નામેન્ટ અને ડબલ વિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ક્રિકેટ સેક્રેટરીનો ૯૮૨૧૦૪૦૯૦૮ ઉપર સંપર્ક કરો.

*- મિનેષ એન. ધારિયા*
*ક્રિકેટ સેક્રેટરી*


**નોંધ : ✹ અણનમ સૂચવે છે**

---



## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત

# મેરેજ બ્યુરો



ઉપરોક્ત મંડળ સંચાલિત મેરેજ બ્યુરોના નેજા હેઠળ તા. ૨૭.૨.૦૫ રવિવારના રોજ સમાજની ઓફિસે સવારે ૧૦.૦૦ વાગે સંમેલન યોજવામાં આવ્યું હતું.

કુલ ૩૫ ઉમેદવારોમાંથી ૨૫ ઉમેદવારો હાજર રહ્યા હતા. દરેક ઉમેદવારોની સાથે ૧ વાલી - વડીલ હાજર રહ્યાં હતા.

પ્રથમ કાર્યકર્તા ભાઈ-બહેનોએ ઉમેદવારોને પુરી મદદ કરવાની ખાત્રી આપી હતી. દરેક ઉમેદવારોને છોકરા-છોકરીઓનાં પૂરા બાયોડેટા આપવામાં આવ્યાં હતાં.

ત્યારબાદ દરેક ઉમેદવારોએ પોતાના વિચારો દ્વારા પોતાની પસંદગીની ઈચ્છા વ્યક્ત કરી હતી. અંતે ૮ ઉમેદવારોની અંદર અંદર મીટીંગ કરી વિચારોની આપ - લે કરી હતી. કાર્યકર્તાઓએ ભવિષ્યમાં જરૂરી સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપી હતી.

*- કન્વીનર - નિમેષ કડકીઆ*



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

ફેબ્રુઆરીની ચાર તારીખે આઉટીંગ માટે શાંતિસાગર લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તે જ સમયે સતત લગ્ન અને સાથે સતત મરણ થયા હોવાથી સભ્યોની સંખ્યામાં વધઘટ થતાં ૫૦ જણની હાજરી હતી. શાંતિસાગરમાં પાણીના રાઈડ ખરેખર ખુબજ મજાની હતી. આપણી બહેનોએ ખરેખર ખૂબજ મજા કરી હતી અને સાથે અમારી ગેમ્સ (Games) અને તેમાં મળતા પ્રાઈઝથી લોકોના આનંદના પાર નહોતો રહેતો. ઉપરાંત બસમાં પણ અંતાક્ષરી રમતાં રમતાં અને સાથે નાસ્તાની મજા માણતા માણતા કલાકમાં જ પહોંચી ગયા હતા. ત્યાં જઈને પણ બુફે સ્નેકસમાં જલેબી ગાંઠિયા-મરચાં તેમજ ઈડલી. સાંભાર સાથે ચા-કોફીને. ન્યાય આપી Games રમવામાં અને પાણીની રાઈડસમાં ટાઈમ પાસ થઈ ગયો હતો. અને બપોરનું જમાવાની મજા માણી સાંજે બોટ-રાઈડ તેમજ ગેમસ પતાવી સાડા પાંચે ચા-કોફી પીને બસમાં ગોઠવાઈ ગયા તે રાત્રે આઠ વાગે ઘરે પહોંચી ગયા હતા. બસમાં પુરી-ભાજી, બટાટાવડા તેમજ વેફર્સના પેકેટ આપવાનાં આવ્યા હતા અને ગ્રીફ્ટ ટપરવેરના ડબ્બા દરેક સભ્યોને આપવામાં આવી હતી.

બીજું હું રત્ના કડકીયાનો આ પાંચમી માર્ચનો અંતાક્ષરીનો આ છેલ્લો જ પ્રોગ્રામ હતો. માર્ચ એન્ડીંગમાં (ending) હું મારા બે વર્ષ પૂરા કરી રહી છું હવે કન્વીનીયરના પદે હું નીતાબેન નિંકુજ કડકીયાને સજેસ્ટ (Suggest) કરું છું. તો મારી જેમ તેમને પણ સાથ અને સહકારથી આવકારશો. મારા દરેક પ્રોગ્રામમાં તમારાં સાથ અને સહકાર બદલ દરેકને મારા તરફથી Thanks.

હવે આપણા આ મહિલા વિભાગના નવા કન્વીયરના નવા સુચન મુજબ સતત વધની જતી મોઘંવારી અને હોલના વધતા ભાડા, કેટરરના ભાવ વગેરેના હિસાબે સંઘ તરફથી પૈસા ઓછા થઈ ગયા છે જેમકે વ્યાજના દર ઘટ્યા છે એટલે લવાજમ વધારવામાં આવ્યુ છે. રૂ. ૧૦૦/- કરવામાં આવ્યા છે.

**૧, લી એપ્રિલ ૨૦૦૫ થી ૩૦ ની માર્ચ ૨૦૦૫ નું લવાજમ ૧૦૦/- કર્યું છે. લવાજમની તારીખઃ- ૧૬મી માર્ચ ૨૦૦૫, બુધવાર બપોરે ૩ થી ૫. નવયુવક સંઘની ઓફિસમાં લેવામાં આવશે.**

*લી. સંયોજક - રત્ના કડકીયા*

## <u>વિલ્સન જીમખાના ગ્રાઉન્ડ ઉપર નવયુવક સંઘ દ્વારા આયોજિત</u>

| | |
|---|---|
| **૧) લાલખાં સિંગલ વિકેટ ટુર્નામેન્ટ** | **તા. ૦૬.૩.૨૦૦૫** |
| **૨) પુનમચંદ કડકિયા બેરા ડબલ વિકેટ ટુર્નામેન્ટ** | **તા. ૨૦.૩.૨૦૦૫** |
| **૩) જનસાથી ક્રિકેટ ટુર્નામેન્ટ ફાઈનલ મેચ રમાશે.** | **તા. ૨૭.૩.૨૦૦૫** |

આ બધી મેચો રવિવારનાં દિવસે રમાશે

# WHO COULD BE MY ROLE MODEL AND WHY ?

'Model' as the ward suggests is the one who sets an example for others or who creates a pattern of excellence. A child starts growing by imitating the people around him. As child matures he draws a picture of himself in his mind of what would he like to be when he becomes full-fledged member of society. This picture is colored by someone who inspires him the most. He could be any one starting from his own family members to whom he is closely related to or any of the celebrity whom he knows only through the mass media. He is preference to a role model depends upon his own likings and the extent to which he knows his abilities and capabilities.

A child when he opens his eyes for the first time, its the feel of his mother who comforts him the most. As the sanskrit saying goes:-

"Matru Devo Bhava" means Mother is the portrait of God. May be that is the reason why a child finds himself safe in the arms of his mother. She is the first person whom the child recognizes as his own. She is the one who introduces him to the world. Its her love and affection which forms a foundation for his personality. The first ward uttered by child is `maa' and this word sets an impression on his mind which remains with him till the end of his life Adolescence is the most crucial period in one's life and during this period it is the mother who constantly supports and guides him so that he doesn't drift away on the wrong path. Mother strives Whole of her life for the upbringing of her baby as well as her family. All these qualities of her makes her stand different from other.

My mother is the lady in whom I have found all these qualities to be seated She forms an integral part of my personality. Since the day I Started walking holding her finger until now she has always been supportive to me. Every step of my life has started with her blessings. She shielded me from all the evils of the world and at the same time confronting me to harsh realties of the world. She taught me to accept this as a challenge and win over life instead of loosing. Apart from her success as a mother she has also proved herself best as a Nurse. Her day begins even be fore the cocks crow. Throughout the day she struggles to fulfill the requirements of her family at home and her patients in hospital. with her gentle smile, twinkling eyes and bright shine on her face she makes many of our's day glow. She is calm and composed but when necessary turns out to be strict. I still remember the day when I received first spanking from her for telling lies. That time my 5 yrs old little mind didn't get the reason for her being so stricts. But now I realise that if she wouldn't have done so then I could have been tured out to be lier or I would have been different from what I am today. In this way she has guided me in all walks of my life through her experiences and knowledge. So it is rightly said that:-

'Mother is a person to lean on, But to person to make leaning unnecessary My mother has always helped me to take initiatives in life. She says 'when you know you are right, just go on. There will be hurdles on your way but don't worry when you are right God will be definitely right to you' Her these sayings have always helped me to gain confidence. Her principles have set up the ethics and morals in my life. These are the weapons which strengthens me to fight the world. and which binds me into the limits of faith and trust even when she is not around.

The way I was, the way I am and all those changes that came about in me, nothing is unknown to my mom. The way I am and the way my mother wants me to be has until now been the

same. I can never even dream of going against her I know all the decisions made by her would always lead me towards success and has really led me until now. She is the one whom I praise even before God. She plays many roles in my life being a friends, a sister, a teacher and above all my mother. Like a gardener she has nourished the seed of my life and helped it to grow into a beautiful plant. Like an angel she showed me dreams and taught me to struggle hard in order to fulfill them. As the saying goes "Heaven lies at the feet of mother" and I truly experience this with my mother. When I feel lonely or sad its always her arms which cools and soothens me. with her I feel to be loved. We two share the most precious relationship which I respect the most. "Be Good to others and God will be Good to you this is the saying repeatedly said by her which has helped me to become good . In her presence I know I can never be alone.

Since my childhood I tried to imitate her the way she stands in the kitchen, the way she walks in crowd, the way she smiles, the confidence with which she presents herself in front of her colleagues and many other aspects of hers, but never I was able to reach her level of perfection. If I were to define her I just can't do it in a line or two. Her dignity in my life is more precious than a gem. And today I am really proud to say that my role model is none other than My and My Mother.

***- Pooja Renawala***


# જ્યોતિ પુંજ (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર (સેન્ટ્રલ રૂલ્સ) અન્વયે
''જ્યોતિપુંજ'' પત્ર અંગેની માહિતી ફોર્મ નં.૪
(જુઓ રૂલ્સ નં. ૮)

| | |
|---|---|
| **૧. પ્રકાશકનું નામ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, ૧૧૮/૧૨૦, અરદેશર દાદીસ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ |
| **૨. પ્રકાશકની સામાયિકતા** | : માસિક |
| **૩. મુદ્રક અને પ્રકાશકનું નામ** | : નિખિલ બી. પરીખ |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **૪. તંત્રીનું નામ** | : નિખિલ બી. પરીખ |
| **૫. જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણા એક ટકાથી વધારે થાપણના નામ તથા સરનામા** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ |

હું નિખિલ બી. પરીખ આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ** **(સહી) નિખિલ બી. પરીખ**
**તા. ૧૪.૩.૨૦૦૫** **પ્રકાશક : જ્યોતિપુંજ**

# વકીલ મિત્રોની મૈત્રીનો કોલ

૧. જે પણ કોઇ વ્યક્તિને કાયદાકીય સમસ્યા હોય તેઓએ નિખિલ પરીખ (ફોન : ઘર : ૨૩૮૨૨૫૧૦, ઓ: ૨૪૪૪૯૯૨૯ મો: ૯૮૨૧૩૨૬૪૩૨) નો સંપર્ક કરવો. સમસ્યા જે ક્ષેત્રમાં આવતી હશે એ ક્ષેત્રના વકીલોનો સંપર્ક કરીને મહિનામાં ફક્ત બે વખત મંડળની ઓફિસ અથવા નક્કી કરેલા કોઇ પણ સ્થળે મીટીંગ ગોઠવી આપવામાં આવશે આપની સમસ્યાની સીક્રસી રહે અને ખાનગી વાતની ચર્ચા બીજા કોઇના મોઢે ન થાય એની ખાસ તકેદારી લેવામાં આવશે કારણ કે આ બાબતમાં વિશ્વાસ અને ગોપનીયતા મોટી વસ્તુ હોય છે. મીટીંગ દરમિયાન પણ અન્ય કોઇ વ્યક્તિ હાજર રહેશે નહીં. એક બે અથવા જરૂર પડે તો વધુ વકીલો આપની સમસ્યાનું ચર્ચા દ્વારા નિરાકરણ લાવવા પ્રયત્ન કરશે.

૨. આ વ્યવસ્થામાં વકીલોની જવાબદારી ફક્ત સાચી સલાહ આપવાની તથા યોગ્ય માર્ગદર્શન આપવાની રહેશે. વધુ કાયદાકીય પગલાં માટે આપણા વકીલમિત્રો જવાબદાર રહેશે નહીં.

૩. પત્ર દ્વારા પણ આપ આપની સમસ્યાનો ઉકેલ મેળવી શકશો. સામાન્ય બાબતોના પ્રશ્નોનો ઉત્તર જ્યોતિપુંજ દ્વારા પ્રકાશીત કરવામાં આવશે જેથી બીજા આવી જ સમસ્યાવાળા લોકોને માર્ગદર્શન મળી રહે. આ ઉપરાંત બીજી કેટલીક સામાન્ય બાબતોની ચર્ચા પણ જ્યોતિપુંજ દ્વારા કરવામાં આવશે.

૪. સામાન્ય બાબતો જેવી કે વીલ બનાવવા શું કરવું ? નવી જગ્યા લેવી હોય તો ક્યા કાગળીયા કરવા કે ક્યાં રજીસ્ટ્રેશન કરાવવું જેવી બાબતોની ચર્ચા જ્યોતિપુંજમાં કર્યા પછી આપણી વેબસાઇટ ઉપર મુકવામાં આવશે જેથી ભવિષ્યમાં પણ એનો ઉપયોગ થઇ શકે.

૫. ચર્ચા, સમસ્યા અને નિરાકરણ બને તો અંગ્રેજી અને ગુજરાતી બન્નેમાં આપવામાં આવશે જેથી નવી પેઢી પણ એનો લાભ લઇ શકે.

૬. નાના, મોટાં, યુવાનો વૃધ્ધો, મહિલાઓ કોઇ પણ જાતના આર્થિક બેક ગ્રાઉન્ડ વગર પોતાની સમસ્યા માટે માર્ગદર્શન મેળવી શકશે. આ ઓછી આવક વાળા માટેની રાહત યોજના નથી. કારણ કે લાખો રૂપિયા ખર્ચીને પણ સાચી સલાહ, કોઇ પણ સ્વાર્થ વગર, મેળવી શકાતી નથી અને અહીં આપણા વકીલ મિત્રોની ભાવના મદદરૂપ થવાની, સાચી સેવા કરવાની છે. એટલે પૈસાદાર વર્ગ પણ સેવાનો લાભ લે એ આવકાર્ય છે.

૭. વકીલ મિત્રો પાસે અનેક પ્રકારના કેસો અનેક પ્રકારના લોકો આવતાં હોય છે. આપણે સાંભળી પણ નહોય એવી સમસ્યાઓનું નિરાકરણ તેઓએ કર્યુ હોય છે. માટે તેઓનો અનુભવ આપણને કાઉન્સેલીંગની દ્રષ્ટિએ પણ મદદરૂપ થશે. આપની સમસ્યાઓ માટે કાયદાકીય માર્ગદર્શન તો મળશે જ પણ એક કાઉન્સેલર તરીકે તેઓ એ પણ જોશે કે આપની સમસ્યાનું માનવીય દ્રષ્ટિએ સામાજિક દ્રષ્ટિએ સમજાવટથી સમાધાન થાય કોઇ સંબંધો કાયમ માટે તોડતાં પહેલાં સાચી દ્રષ્ટિએ એને મુલવીને એ સંબંધો સચવાઇ રહે એ દ્રષ્ટિએ આપણને આપણા વકીલ મિત્રો માર્ગદર્શન આપી શકશે.

૮. આપે કોર્ટમાં જવાનો નિર્ણય લઇ લીધો હોય છતાં પણ જેમ ઓપરેશન પહેલાં સેકન્ડ ઓપીનીયન લઇએ એમ આપણા મિત્રોની સલાહ લેવામાં શું વાંધો છે આ મિત્રો તમારું ખરાબ નહીં જ થવા દે અને તમને સાચો રસ્તો બતાડશે પછીનો નિર્ણય તમારો એકલાનો હશે.

વિવિધ સમસ્યાઓ જે આપણા સમાજને લાગેવળગે છે તે છે. ચોરી, હાથાપાઈ, અકસ્માત, વસીયતનામું (વીલ), લગ્ન, છુટાછેડા, પ્રોર્ટીના ઝગડા, નવી મિલકતની ખરીદી વેચાણ, સોસાયટીને લગતી સમસ્યા, રેન્ટ એક્ટ, ધંધાકીય, બેન્કને લગતી સમસ્યા, કામદારોની સમસ્યા, સ્ત્રીની થતી સતામણી વગેરે સમસ્યાઓને આપણે આવરી લેવા પ્રયત્ન કરીશું.

*- શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વતી - નિખિલ પરીખ.*

# વાડાસિનોરના વર્તમાન....

અન્ય કંપનીઓએ પોતાના ટાવર્સ ઉભા કરવા માંડ્યા છે, પરંતુ બી. એસ. એન. એલ. નો ટાવર મશીનરીના અભાવે નિર્જીવ બની ગયો છે. ચારથી સાડાચાર હજાર જેટલા ગ્રાહકો ભારત સંચાર નિગમ લિમિટેડની મોબાઈલ સેવાથી વંચિત રહી ગયા છે.

બાલાસિનોરથી ગઢના મુવાડા અને સાકરીઆના રસ્તાના કામકાજથી ગ્રામજનોમાં ઉગ્ર અસંતોષ વ્યાપ્યો છે. ૧૦ વર્ષની સતત રજૂઆત બાદ રસ્તાનું કામ શરુ તો થયુ છે પણ ગોકળગાયની ગતિએ ચાલતું આ કામ પૂરુ થવા અંગે ગ્રામજનોને સંદેહ છે.

મેનપુરાની શારદા મંદિર હાઈસ્કૂલમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતી ઉજવવામાં આવી હતી.

કેદારેશ્વર મુકામે બાલાસિનોર કૉલેજનો એક દિવસીય કેમ્પ યોજવામાં આવ્યો હતો. એન. એસ. એસ. યુનિટના પ્રોગ્રામ ઑફિસર ડી. પી.માછી અને ડૉ. જે.બી.જોશીની રાહબરીમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનો કેમ્પમાં જોડાયા હતા.

રાજપુરી દરવાજા બહાર આવેલા માર્ગ પર ખડકાયેલ મેટલના ઢગલાથી રાહદારીઓને ભારે હાલાકી વેઠવી પડે છે. પી.ડબલ્યુ. ડી.ના હસ્તકના આ રસ્તા માટે નગરપાલિકા અધિકારીએ પોતાની જવાબદારી નહીં હોવા જણાવ્યું છે.

બખલીવાલા વિદ્યાલયમાં મહિલા શિબિર યોજવામાં આવી હતી. બાળ વિકાસ પરિષદ, મહિલા આર્થિક વિકાસ નિગમ અને નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ શિબિરનો પ્રારંભ પ્રમુખ ચંદ્રિકાબહેન એમ. ચૌહાણે કર્યો હતો.

રૈયોલીમાં ડાયનોસરના સ્થળે જવા બસ સુવિધાના અભાવના કારણે રૈયોલી ગામથી દોઢ કિલોમિટર દૂરના આ સ્થળે જવામાં પ્રવાસીઓ-મુલાકાતીઓએ ભારે હાડમારી વેઠવી પડે છે.

સી.એન્ડ.એસ.એચ.દેસાઈ આર્ટ્સ અને એલ.કે.દોશી કોમર્સ કૉલેજનો ૪ થો રસોત્સવ શ્રી મણીકાન્ત કડકીઆના અધ્યક્ષપદે ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે વિવિધ મનોરંજન કાર્યક્રમ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ રજૂ કર્યા. અતિથિવિશેષ તરીકે નાગરીક બેન્કના ચેરમેન શ્રી ચંદ્રકાન્ત પટેલ તથા પી.આઈ. શ્રી જોશીએ હાજરી આપી હતી.

૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિન નિમિત્તે નગરના વિવિધ સ્થળોએ ધ્વજવંદનનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

રૂપિયા એક કરોડના ખર્ચે તાલુકામાં વિકાસ કામો હાથ ધરવામાં આવનાર છે. જેમાં રસ્તાઓ, ગટરો, રસ્તા તથા ટ્રાફિક આઈલેન્ડ- સર્કલ જેવાં કામોનો સમાવેશ થાય છે. આ તમામ કામો ૨૦૦૪-૦૫ના વર્ષમાં ધારાસભ્ય શ્રી રાજેશ પાઠકે મંજૂર કરાવ્યા છે.

વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનની શાળામાં ત્રાટકેલા તસ્કરોએ રૂા: ૧,૦૫,૫૦૦/-ની મત્તાની ચોરી કરી હતી. વિદ્યાલયના આચાર્ય શ્રી મહેન્દ્રસિંહ જાડેજાએ ઠાસરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

મોજીલાલ નાથજીભાઈ શેઠ વિદ્યા મંદિરમાં બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. છ પ્રાથમિક શાળાઓએ ભાગ લીધો. ૧૨૩૦ જેટલા વિદ્યાર્થીઓએ નિહાળેલ મેળાનું ઉદ્ઘાટન પે સેન્ટર બ્રાન્ચ-૧ ના આચાર્ય ડાહ્યાભાઈ પટેલે કર્યું.

વેરાસામાં મંજુલાબેન જયંતીલાલ ગાંધી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધાબળાનું આદિવાસીઓમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ

ઉપરાંત દીપકભાઈ ઓચ્છવલાલ કડકીઆ તરફથી પ્રજાસત્તાક દિને ૪૫૦ જેટલા બાળકોને મિષ્ટાન સહિતનું ભોજન આપવામાં આવ્યું.

☞ હિન્દુ-મુસ્લીમ એકતાના પ્રતીક સમા મનાબા હજરત તારન શહિદ બાબાનો ઉર્સ તાજેતરમાં ઉજવાઈ ગયો.

☞ કે. એમ.જી.જનરલ હૉસ્પિટલમાં હૃદયરોગનો વિનામૂલ્ય નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. અમદાવાદના ડૉ. ભૂપેશ ડી. શાહ (કાર્ડિયાક સર્જન), ડૉ. તરૂણ દવે (કાર્ડિયોલોજીસ્ટ) અને ડૉ. યોગેશ ગુપ્તા (ઈકો કાર્ડિયોગ્રાફી) એ સેવા આપી હતી. કુલ ૧૧૫ દર્દીઓએ ભાગ લીધો.

☞ બાલાસિનોર-વીરપુર રોડ પર ઉભેલા બે વ્યક્તિઓને ટ્રકે અડફેટમાં લેતા એક યુવકનું મોત નીપજયું હતું.

☞ બાલાસિનોર નગરપાલિકાનું ૨૦૦૫-૦૬ના વર્ષનું રૂપિયા ૩૮,૩૯,૪૫૦ની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે પસાર થયું. લાઈટવેરાની દરખાસ્ત સામે જનતાનો વિરોધ હોવાથી હાલ પૂરતો મુલતવી રાખવામાં આવ્યો.

***(‘ઈશારો’ માંથી સંકલિત)***

**શિક્ષણક્ષેત્રે પ્રવૃત્ત અને હાલ નિવૃત્ત હીરાલાલ મણીલાલ પરિખ (ડાબલી)ના યુવાન દીકરાઓની દાસ્તાન**

**(દિવ્ય ભાસ્કર દૈનિકના તા ૧૫-૨-૨૦૦૫ના અંકમાંથી)**

એક વાર અમેરિકામાં રહી આવીએ એટલે ફરી પાછું ભારતમાં સેટલે થવું ખૂબ મુશ્કેલ છે. પરંતુ નિશ્ચિત ધ્યેય હોય તો તમે કંઈ પણ કરી શકો છો, ‘‘આ શબ્દો છે શ્રેયાંસ પરીખના, જેઓ સત્તરથી અઢાર વર્ષ અમેરિકાની રંગબેરંગી દુનિયામાં રહી બહુ મહેનતથી વિકસાવેલો ધંધો, ભવિષ્યનો વિકાસ અને અમેરિકન લાઈફસ્ટાઈલ બધું છોડી ફરી એક વાર ભારત પાછા ફર્યા છે. વ્યવસાયે ઓટોમોબાઈલ એન્જિનિયર શ્રેયાંસ પરીખ પોતાના ભાઈ અપૂર્વ પરીખ સાથે ભારતમાં સરસ રીતે સેટલ થઈ ગયા છે અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરવાની ઈચ્છા ધરાવે છે. મુંબઈમાં જન્મેલા અને અહીંથી એન્જિનીયરિંગની ડિગ્રી લઈ અમેરીકા ગયેલા શ્રેયાંસભાઈએ અમેરિકન યુનિવર્સિટીમાંથી ઓટોમોબાઈલ એન્જિનિયરિંગમાં માસ્ટર્સની પદવી પ્રાપ્ત કરી છે. વર્ષો સુધી ત્યાં ડિઝાઈનર કાર બનાવવાનો ધંધો કરતાં કહે છે, ‘‘આપણે માનીએ છીએ કે માત્ર ભારતીયોને જ અમેરિકાનું ઘેલું છે, પરંતુ વાસ્તવિકતા તો એ છે કે દુનિયાના કોઈ પણ દેશનો વતની અમેરિકા જવા કંઈ પણ કરવા તૈયાર હોય છે. તેથી જ અમેરિકા બહારથી આવીને વસવાટ કરનારાઓ દ્વારા બનેલો દેશ છે. વળી દુનિયાભરમાંથી શ્રેષ્ઠ લાયકાતવાળા લોકો ત્યાં ગયા હોવાથી તેનો વિકાસ પણ ખૂબ સારો થયો છે. પરિણામે ત્યાનું શિક્ષણ, માળખાકીય સુવિધાઓ, યોજનાબદ્ધ રીતે કામ કરવાની પદ્ધતિ વગેરે ખૂબ સરસ છે. ત્યાં સરકાર પ્રજા માટે કામ કરવા માગે છે અને પ્રજા પણ પોતાના દેશ માટે મરીફીટવા તૈયાર છે. મારું ચાલે તો હું દરેકેદરેક ભારતીયને અમેરિકાની ફ્રી ટિકિટ આપું. જેથી તેઓ ત્યાં જઈને જાતે આ બધું જુએ, જાણે અને ભારત પરત ફરી પોતાના જીવનમાં તેનો અમલ કરી શકે.’’ અમેરિકા આટલું બધું સારું જ હોય તો તમે શા માટે ભારત પાછા આવ્યા એવા સવાલના જવાબમાં શ્રેયાંસભાઈ કહે છે.

‘‘મારાં માતાપિતા ગુજરાતના બાલાસિનોર ગામના વતની છે. તેઓ ખાલી હાથે મુંબઈ આવ્યા હતા. અહીંથી જે કંઈ શીખવાનું કમાવાનું હતું તે બધું શીખી કરી તેઓ ફરી પોતાના ગામમાં પાછા ચાલ્યા

ગયા હતા. જોકે હવે અમારા માતા-પિતા અમારી સાથે જ છે. તેવી જ રીતે હું અને મારો ભાઈ અપૂર્વ અમેરિકા ગયા ત્યારે જ અમારા મનમાં નક્કી હતું કે અમેરિકા જઈશું, શીખીશું, કમાઈશું પરંતુ એક દિવસ ભારત પાછા તો આવવું જ છે.''

આવા જ નિર્ધાર સાથે અમેરિકા ગયેલા બંને ભાઈઓએ વર્ષો સુધી ત્યાં અવિરત સંઘર્ષ કર્યો. શ્રેયાંસભાઈ જ્યાં ગાડીઓ બનાવતા ત્યાં જ તેમના મોટાભાઈ અપૂર્વએ વોલ સ્ટ્રીટની સો વર્ષ જૂની નાણાકીય પેઢીમાં નોકરી ઉપરાંત બિઝનેસ શરૂ કર્યો ને શેરોમાં રોકાણ પણ કર્યું, પરંતુ કમનસીબે બંનેમાં ભારે ખોટ ગઈ. ''તેમ છતાં હુ હિંમત હાર્યો નહી, અલબત્ત એ ખોટને સરભર કરવા મારે વધુ સમય અમેરિકા રહેવું જરૂરી બન્યું, પણ ભારત આવવાનો નિર્ણય એટલો પાક્કો હતો કે મેં મારી પત્ની અને બાળકોને પણ કહી રાખ્યું હતું કે આપણે એક દિવસ ભારત પાછા જવાનું જ છે અને એ પણ બુઢ્ઢા થઈને નહીં.'' આમ પહેલેથી જ માનસિક રીતે તૈયારી હોવાથી બંને ભાઈઓને પરિવારને અહીં આવીને રહેવામાં ને ભારતીય તરીકે સ્થાયી થવામાં જરાય વાર લાગી નહીં. આજે કાંદિવલી ખાતે એક જ બંગલામાં સંયુક્ત પરિવારનું જીવન ગાળતું આ કુટુંબ સુખી છે, સંપન્ન છે અને ભારતમાં પોતાના ભવિષ્ય માટે આશાસ્પદ પણ. હાલમાં અપૂર્વભાઈ નામાંકિત અમેરિકન કંપનીની મુંબઈ ઓફિસમાં ઊંચા હોદ્દા પર કામ કરી રહ્યા છે. જ્યારે શ્રેયાંસભાઈ ભારતની ટોચની વ્યક્તિઓ માટે બુલેટપ્રૂફ કાર, લિમોઝિન અને હાઉઝ ઓન વ્હિલ્સના કન્સેપ્ટ પર ગાડીઓ બનાવવામાં વ્યસ્ત છે. પોતાના ઘરમાં તેમણે ભારતીય સંસ્કારો અને અમેરિકન શિસ્તનું શ્રેષ્ઠ મિશ્રણવાળું વાતાવરણ ઊભું કર્યું છે.

*- ફાલ્ગુની જડિયા ભટ્ટ*

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળની કાર્યવાહક સમિતિની એક સભા તા. ૧૮.૨.૨૦૦૫ના શુક્રવારના દિને સાંજે ૬.૪૫ કલાકે, પ્રગતિ સમાજની ઓફિસમાં મળી હતી. પ્રમુખશ્રી નટવરલાલ મગનલાલ કડકીઆના પ્રમુખસ્થાને મળેલી આ સભામાં નીચે મુજબનું કામકાજ હાથ ધરવામાં આવ્યું. આ સભામાં કુલ ૧૨ સભ્યો હાજર હતા.

ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલના પ્રાર્થના ખંડને નામ જોડવાની શર્તે, શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆના પત્ર મુજબ શ્રીમતી ચંદનબેન મણીલાલ ચંદુલાલ પરીખ (અધોલી)નું નામ આપવા માટેનો તથા દાતાનો સન્માન સમારંભ ૧૮ અથવા ૧૯.૩.૨૦૦૫ના દિને બાલાસિનોર મુકામે રાખવા નક્કી કરવામાં આવ્યું.

ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલના મકાનને આર.સી.સી. ધાબુ કરવા માટે ભંડોળ એકઠું કરવા માટે આર્કિટેકટનો રિપોર્ટ અને અંદાજીત ખર્ચની વિગત મળે નિર્ણય લેવા બીજી સભા પર મુલતવી રાખવામાં આવ્યું.

પ્રમુખસ્થાનેથી મધ્યાહન ભોજન, અંગે, શાળાઓ અંગે અને ડીસેમ્બર સુધીનો હિસાબ વગેરે રજૂઆત કરવામાં આવી. સાઉથ ઈન્ડીઅન બેન્કનું લોકર 'સરેન્ડર' કરવા નક્કી કર્યું.

નીચે મુજબના નાસ્તા ફંડમાં દાન મળ્યાં છે.

૧) ચંદ્રાકાન્ત કાન્તીલાલ દેસાઈ તથા
કાંતિલાલ સા. દેસાઈ. હસ્તે : નરેન્દ્રકુમાર
રૂા. ૧૧,૦૦૦/-

૨) કુણાલ અને શ્રીકાન્ત મનીષ ધારીઆ
(બન્ને ચંદ્રકાન્ત શાહ (ચટઈ) ચાંદશા)
રૂા. ૧૧,૦૦૦/-

મંડળ દાતાઓનો આભાર માને છે.

*પ્રવીણ દેસાઈ, જતીન દેસાઈ - મંત્રીઓ*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

UMANG DEEPAK DOSHI
1 NO. RIVER SIDE STREET
APPT 3 # LOWELL
MASSACHUSETTS
USA 01854
TEL (R) : 978 4558110, MOBILE : 9789965349

## તેજસ્વી તારલાં

- પૂજા કૌશિકભાઈ રેનાવાલા બેંગ્લોરની રાજીવ ગાંધી યુનીવર્સીટી ઓફ હેલ્થ સાયન્સમાં ફિઝીયો થેરાપીની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા છે તેઓને સંસ્થા વતી અભિનંદન.

- અદીતી નિમીષ કડકીઆ (મલમ) સ્પીચ થેરાપી અને ઓડીયોગ્રાફીમા બીજા વર્ષની પરીક્ષામાં ૭૧ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. આ કોર્સ મહારાષ્ટ્ર યુનીવર્સીટી ઓફ હેલ્થ સાયન્સ નાસીક દ્વારા ચલાવવામાં આવે છે. અદીતીને સંસ્થાવતી આ નવા ક્ષેત્રમાં જવા માટે અભિનંદન.

## નવા ફોન નંબર

દિનેશ મણીલાલ પરીખ
(ઘર) ૫૬૨૩૧૮૭૮, મોબાઈલ - ૦૯૩૨૬૪૭૨૭૭૧

## કણ માં મણ

- દરેક સગવડ મનને નિ:સત્વ બનાવતી જાય છે અને શરીરને કમજોર. આ વાસ્તવિક્તા સદાય આંખ સામે રાખજો.
- જેટલું પણ મળે એટલુ ઓછું જ લાગે આ છે 'દીનતા' અને હજી પણ વધારે મળવું જોઈએ એ છે 'તૃષ્ણા' આ બે દોષ એવા છે કે જે હાથમાં રહેલ સુખમાંય પ્રસન્નતા અનુભવવા દેતા નથી.
- શેરડીના જે ભાગમાં ગાઠ હોય ત્યા રસ નથી હોતો. આ વાસ્તવિક્તા એટલું જ કહે છે કે જીવનને જો રસભર રાખવું હોય તો હૃદયમાં કોઈનાય પ્રત્યે ક્યારેય ગાઠ રાખશો નહીં.

*- સંકલન*

## મૃત્યુ નોંધ

| | ઉમંર |
|---|---|
| પરીખ તારાબેન મોહનલાલ પડાલવાળા | ૮૧ |
| દેસાઈ રતીલાલ ચંદુલાલ | ૮૨ |
| શાહ કુસમુબેન રજનીકાંત (ઉજડાવાળા) | ૭૩ |
| મોદી ચંદ્રિકાબેન રજનીકાન્ત (કાપડીઆ) | ૬૮ |
| પરીખ કમળાબેન મણીલાલ (બંગાળી) | ૯૦ |
| ગાંધી કમળાબેન રમણલાલ | ૮૯ |
| પરીખ શાંતીલાલ ચંદુલાલ (ઘી વાલા) | ૮૨ |
| પરીખ નિમિષ પંકજ (કલાઈવાળા) | ૩૧ |
| પરીખ મણીબેન મોહનલાલ (બંગાળી) | ૯૨ |
| દેસાઈ તારાબેન ચીમનલાલ (તલાટી) | ૮૮ |

પ્રભુ સદ્ગતના આત્માને ચિર:શાંતિ અર્પે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જ્યોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**